RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 153* Date: 01.04.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મધ્યપ્રદેશમાં ૧૯, મહારાષ્ટ્ર-યુપીમાં ૫-૫ અને રાજસ્થાનમાં ૪ સંક્રમિત, હાલ કોમ્યુનિટી નહી

# દેશમાં ૧૪૨૪કેસ, ૩૯ મોત, કેન્દ્રએ કહ્યું, સહયોગ કરો નહીં તો બધું બાતલ જશે

*ન્યુ દિલ્હી,તા.૩૧*

ભારતમાં કોરોના વાઈરસ સામેની લડાઈમાં દેશવ્યાપી ૨૧ દિવસના લોકડાઉનમાં આજે સાતમા દિવસે પણ આ મહામારીના નવા પોઝીટીવ કેસો નોંધાયા છે. દિલ્હીના નિઝામુદ્દિન વિસ્તારના એક ધાર્મિક કાર્યક્રમમાં વર્તમાન મહામારીની વચ્ચે મોટી સંખ્યામાં લોકોની હાજરીને લઈને અને તેના કારણે કોરોનાના કેસો વધવાની શક્યતા સાથે અલગથી વિવાદ અને રાજકારણ શરૂ થયું છે. દરમ્યાનમાં, અલગ અલગ રાજયોના મળીને અત્યાર સુધીમાં કુલ ૧૪૧૯ કેસ નોંધાયા છે અને કોરોનાને કારણે મરનારાઓની સંખ્યા ૪૧ પર પહોંચી ગઈ છે. આજે મધ્યપ્રદેશમાં ૧૯, મહારાષ્ટ્ર-યુપીમાં ૫-૫ અને રાજસ્થાનમાં ૪ અને ગુજરાતમાં ૨ નવા સંક્રમિત કેસો બહાર આવ્યાં હતા. ખાસ કરીને દિલ્હીમાં નિઝામુદ્દીન વિસ્તારમાં તબલગી સમુદાયના એક ધાર્મિક કાર્યક્રમમાં એકત્ર થયેલા અંદાજે બે હજાર લોકોમાંથી સંખ્યાબંધ કોરોનાના શિકાર બની શકે તેમ છે. આ કાર્યક્રમાં ભાગ લઈને પોતાના ઘરે જનારાઓ પૈકી ૧૦ના મોત થયા છે. ૪૦૦થી ૫૦૦ જણાંને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમાંથી ૨૦૦ લોકોને કોરોના પોઝિટીવની આશંકા વચ્ચે આ કાર્યક્રમાં ભાગ લઈને જેઓ પોતપોતાના રાજયોમાં ગયા એ રાજયોના માથે વધ્યો ખતરો વધવાની શક્યતા છે. કોરોના મહામારી વચ્ચે આ કાર્યક્રમની મંજૂરીને લઈને વિવાદ શરૂ થયો છે.

સૂત્રોએ કહ્યું કે, મંગળવાર સવારે એક મહિલા અને એક વૃદ્ધનું મોત થયું છે. કેરળના તિરુવનંતપુરમમાં કોરોના પોઝિટિવ ૬૮ વર્ષીય વ્યક્તિનું મોત થયું છે. મેડિકલ કોલેજના અધિકારીના જણાવ્યા પ્રમાણે, તેમની કિડની ફેઈલ થઈ ચુકી હતી. કોરોના વાઈરસ સંક્રમણના સોમવારે સૌથી વધારે ૨૦૮ કેસ સામે આવ્યા હતા. આ પહેલા ૨૭ માર્ચે ૧૫૧ કેસ સામે આવ્યા હતા. સોમવારે મહારાષ્ટ્રમાં ૩૫ અને કેરળમાં ૩૨ દર્દી મળ્યા હતા. આ ઉપરાંત દિલ્હીમાં ૨૫, ઉત્તરપ્રદેશમાં ૨૪,ચંદીગઢમાં ૫. પંજાબમાં ૩, આંધ્રપ્રદેશમાં ૨, છત્તીસગઢ, પશ્ચિમબંગાળ, હરિયાણા અને આંદામાન-નિકોબારમાં ૧-૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હવે કુલ સંક્રમિતોની સંખ્યા ૧,૪૦૧ થઈ ગઈ છે. આ આંકડા સરકારી વેબ પરના છે. સરકારના આંકડામાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૧૨૫૧ છે. જેમાંથી ૧૦૧ સ્વસ્થ થઈ ગયા છે. સંક્રમણના કારણે અત્યાર સુધી ૩૯ લોકોના મોત થયા છે. તો બીજી બાજું મુંબઈમાં સલમાન ખાનના ૩૮ વર્ષીય ભત્રીજા અબ્દુલ્લા ખાન ઉર્ફ અબાનું સોમવારે મોત થયું છે. તે ઈન્દોરના ખાન કમ્પાઉન્ડમાં રહેતો હતો. અબ્દુલ્લાને રવિવારે મુંબઈના લીલાવતી હોસ્પિટલમાં ભરતી કરાયો હતો. શ્વાસ લેવામાં મુશ્કેલી થવા પર સાંજે વેન્ટીલેટર પર રાખવામાં આવ્યો હતો. તેનો કોરોના રિપોર્ટ આવવાનો બાકી છે.



દેશભરમાં કોરોનાના સંકટ વચ્ચે દિલ્હીમાં નિઝામુદ્દીન વિસ્તારમાં ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લઈ ચુકેલા ૧૦ વ્યક્તિઓના મોત થતા હડકંપ મચી ગયો છે. જે ૧૦ લોકો મૃત્યુ પામ્યા છે..જેમાં તેલંગાણાના છ વ્યક્તિ છે. જયારે એક વિદેશી છે.આ ઉપરાંત તમિલનાડુ, કર્ણાટક અને જમ્મુ કાશ્મીરના એક-એક વ્યક્તિનો સમાવેશ થાય છે.. માનવામાં આવે છે કે, આ ધાર્મિક કાર્યક્રમમાં અંદાજે બે હજાર લોકો સામેલ થયા હતા. જેમાં દેશના જુદા-જુદા વિસ્તારોના નાગરિક પણ સામેલ હતા. દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં તબલિઘી જમાતના મરકઝમાં ૧થી ૧૫ માર્ચ સુધી ૨ હજારથી વધુ લોકો એક ધાર્મિક આયોજનમાં સામેલ થયા હતા. તેમાં ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડથી આવેલા લોકો પણ હતા. તેમાંથી ૨૦૦ લોકો કોરોનાથી સંક્રમિત હોય તેવી આશંકા છે. શંકાસ્પદ લોકોને તપાસ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. તેમને શરદી, ઉધરસ અને કફની ફરિયાદ છે. લોકડાઉન મામલે દિલ્હી સરકારની આ ગંભીર બેદરકારી અત્યારે સામે આવી છે જેમાં લોકડાઉન એક મજાક બની ગયું છે. પોલીસે નિઝામુદ્દીન એરિયાને કોર્ડન કરી લીધો છે. અહીં અંદાજે ૨,૦૦૦ લોકોને ક્વૉરન્ટીન કરાયા છે અને તે બધાનો કોરોના ટેસ્ટ કરાઈ રહ્યો છે. આ દેશનો પહેલો આટલો મોટો સમૂહ છે કે જેનો કોરોના ટેસ્ટ કરાઈ રહ્યો છે.

સોમવારે સૌથી વધારે દર્દી વધ્યા તો સૌથી વધારે સ્વસ્થ પણ થયા હતા. સૌથી વધારે લોકોના મોત પણ થયા હતા. દેશભરમાં ગઈકાલે ૩૫ લોકોને હોસ્પિટલમાં રજા આપવામાં આવી હતી. આ પહેલા ૨૭ માર્ચે ૨૫ લોકો સ્વસ્થ થયા હતા. અત્યાર સુધી ૧૩૭ દર્દીઓનો સારવાર બાદ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. ગઈ કાલે ૧૬ લોકોના મોત થયા હતા. આ પહેલા ૨૬માર્ચ અને ૨૮ માર્ચે ૫-૫ કોરોના સંક્રમિતોએ દમ તોડ્યો હતો.

કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયના દાવા પ્રમાણે, ભારતમાં કોરોના મહામારી સંક્રમણ હાલ કોમ્યુનિટી લેવલ પર પહોંચ્યું નથી. જે એક સારી બાબત માનવામાં આવી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં કોરોના વાઈરસનું સંક્રમણ હાલ કોમ્યુનિટી લેવલ પર નથી પહોંચ્યું આ લોકલ લેવલ પર ટ્રાન્સમિટ થઈ રહ્યું છે. મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું કે, સમાજના દરેક વ્યક્તિએ સહયોગ કરવો પડશે, નહીં તો અત્યાર સુધી સંક્રમણને રોકવા માટે જે પણ પરિણામ સામે આવ્યા છે, તે બધું બાતલ જશે. તેમણે અત્યારથી અપીલ કરી છે કે ૧૦૦ ટકા લોકો અલર્ટ રહે અને દેશને આ બિમારીમાંથી મુક્ત કરવા માટે પોતાનું યોગદાન આપે. લવ અગ્રવાલે કહ્યું કે, જો કોઈને શંકા છે કે તેને સંક્રમણ છે તો મહેરબાની કરીને તેને છુપાવશો નહીં.

રાજ્યોની સ્થિતિ પર નજર નાંખીએ તો, મહારાષ્ટ્રઃ છેલ્લા આઠ દિવસોથી કર્ફ્યૂ લાગેલો છે. તેમ છતા તેની સ્થિતિ નિયંત્રિત થઈ શકતી નથી. મંગળવાર સવારે સંક્રમણના પાંચ નવા કેસ સામે આવ્યા હતા. જેમાં એક મુંબઈમાં , બે પૂણે અને બુલઢાનાના કેસ છે. આ સાથે જ રાજયમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૨૨૫ સુધી પહોંચી ગઈ છે. સાથે જ રાજ્યમાં સંક્રમણથી ૧૦ લોકોના મોત થયા હતા.

રાજસ્થાનમાં તમામ પ્રયાસો બાદ પણ સંક્રમણના કેસ વધતા જઈ રહ્યા છે. અહીંયા છેલ્લા ૧૨ કલાકમાં ૧૩ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાંથી ચાર કેસ મંગળવારે સામે આવ્યા. જેમાંથી દુબઈથી ઝુંઝુનૂ પાછો આવેલો એક ૪૪ વર્ષીય વ્યક્તિ, અજમેરમાં પંજાબથી પાછા ફરેલા યુવકનું ૧૭ વર્ષની બહેન, ડુંગરપુરમાં સંક્રમિત મળ્યા યુવકના ૬૫ વર્ષીય પિતા અને જયપુરમાં ૬૦ વર્ષના વૃદ્ધ છે. રાજ્યમાં અત્યારે કુલ સંક્રમિતોની સંખ્યા ૮૩ પહોંચી ગઈ છે. સાથે જ સંક્રમણના કારણે બે લોકો પોતાના જીવ ગુમાવી ચુક્યા છે. રાજસ્થાનના ભીલવાડા શહેરમાં કોરોનાના કારણે મોટી આપત્તિને રોકવા સરકારે ૩ એપ્રિલથી ભીલવાડામાં કર્ફ્યુ નાંખવાની જાહેરાત થઈ છે.

કુલ સંક્રમિત ૨૩ અહીંયા સરકારે હોમ ક્વૉરન્ટીન અને કોરોના પોઝિટિવ દર્દીઓ પર નજર રાખવા માટે કોવિડ એલર્ટ ટ્રેકિંગ સિસ્ટમ બનાવી છે. આનાથી લગભગ ૨૫ હજાર લોકો પર નજર રાખવામાં આવી રહી છે. સરકાર પાસે આ તમામ લોકોના મોબાઈલ નંબર અને સરનામા છે. જેને તેને ટેલિકોમ કંપનીઓ સાથે શેર કર્યાછે. જેવા જ કોઈ વ્યક્તિ તેના ઘરના ૧૦૦ મીટર દૂર પણ જાય છે, આ સિસ્ટમ જિલ્લા તંત્રને એલર્ટ કરે છે. ત્યારબાદ સંબંધિત વ્યક્તિને ફોન પર જ સમજાવવામાં આવે છે. જો તે ન માને તો તેની પર કાર્યવાહી કરવામાં આવે.

કોરોના સંક્રમણથી દેશમાં ૨૭ રાજ્ય પ્રભાવિત છે. આમાંથી મધ્યપ્રદેશ ૧૦માં નંબરે છે. પરંતુ શહેરોની વાત કરવામાં આવે તો ૨૪ માર્ચ સુધી કોરોના મુક્ત રહેલું ઈન્દોર છેલ્લા પાંચ દિવસોમાં દેશનું સૌથી સંક્રમિત શહેરોની યાદીમાં આઠમાં નંબરે આવી ગયું છે.

દિલ્હીના નિઝામુદ્દીન ખાતે આવેલા મરકજ બિલ્ડિંગમાં હાજર ૨૪ લોકો પોઝિટિવ નીકળ્યા છે. આ માહિતી દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને આપી હતી. તેમણે જણાવ્યું કે, સોમવારે અત્યાર સુધી ૩૦૦ લોકોને હોસ્પિટલમાં શિફ્ટ કરાયા છે. સાથે જ ૭૦૦ થી ૮૦૦ લોકોને ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, જયારે દેશમાં લોકડાઉન હતું, એ વખતે આ પ્રકારની પ્રવૃત્તિ કરવી ગુનો છે.

મધ્યપ્રદેશ; કુલ સંક્રમિત - ૪૭ અહીંયા સોમવારે ૮ નવા કેસ સામે આવ્યા હતા. ઈન્દોરમાં ૭ અને ઉજ્જૈનમાં ૧ સંક્રમિત મળી આવ્યો હતો. ઈન્દોરમાં સંક્રમિતોની સંખ્યા ૨૭ થઈ ગઈ છે. આ મહામારીને ધ્યાનમાં રાખતા જેલમાં ભીડ ઓછી કરાઈ રહી છે. રાજ્ય સરકાર લગભગ ૮ હજાર કેદીઓને પેરોલ પર વચગાળાના જામીન પર છોડશે. પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. પાંચ હજાર સજા પામેલા કેદીઓને ૬૦ દિવસ માટે પેરોલ આપવામાં આવી રહ્યા છે. જયારે ૫ વર્ષની સજાની જોગવાઈ વાળા વિચારણા બાદ લગભગ ૩ હજાર કેદીઓને ૪૫ દિવસના વચગાળાના જામીન આપવામાં આવી રહ્યા છે.

ઉત્તરપ્રદેશમાં સંક્રમિતોની સંખ્યા વધીને ૯૬ થઈ ગઈ છે. સોમવારે અહીંયા ૨૪ નવા કેસ સામે આવ્યા હતા. સૌથી વધારે ૩૬ કોરોના પોઝિટિવ ગૌતમ બુદ્ધ નગરમાં મળ્યા હતા. ત્યારબાદ મેરઠમાં(૧૩)છે. દિલ્હીમાં કુલ સંક્રમિત આજે પણ નવા ૨૫ કેસ સામે આવ્યા હતા. અહીંયા મોટી બેદરકારી જોવા મળી છે. નિઝામુદ્દીન વિસ્તારમાં તબ્લીગી જમાતના મરકજમાં ૧ થી ૧૫ માર્ચ સુધી પાંચ હજાર કરતા વધારે લોકો આવ્યા હતા. જેમાં ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડના લોકો પણ સામેલ હતા. ૨૨ માર્ચે લોકડાઉનની જાહેરાત બાદ પણ અહીંયા ૨ હજાર લોકો રોકાયા હતા. જેમાંથી ૨૦૦ લોકોને સંક્રમિત થવાની આશંકા છે. શંકાસ્પદની તપાસ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. તેમને શરદી, ખાંસીની ફરિયાદ છે. અહીંયાથી ૧૨૦૦ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. મોડી રાતે તેલંગાણા સરકારે જણાવ્યું કે, આ કાર્યક્રમમાં જોડાનારા ૬ લોકોના મોત થઈ ગયા છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે રાયપુરના ઘણા વિસ્તારોની મુલાકાત લીધી હતી અને જરૂરી સામાનની સપ્લાઈ અને ઉપલબ્ધતાની સમીક્ષા કરી હતી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૫૦ લોકોની કોરોનાની તપાસ કરવામાં આવી હતી, પરંતુ સારા સમાચાર છે કે તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

રાજસ્થાનમાં કોરોનાના કુલ સંક્રમિત કેસો ૭૯ છે. રાજયમાં સંક્રમણના સોમવારે ૧૦ નવા કેસ સામે આવ્યા, જેમાંથી જયપુરમાં ૨, ભીલવાડામાં ૧ અને જોધપુરમાં ૭ દર્દી મળ્યા. રવિવારે રાતે અજમેરમાં પણ ૩ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મહારાષ્ટ્રમાં કુલ સંક્રમિત કેસો સમગ્ર ભારતમાં સૌથી વધારે ૨૩૮ છે. સોમવારે મોડી રાત્રે ૩૫ નવા કેસ સામે આવ્યા હતા. અહીંયા સૌથી વધારે ૭૫ દર્દી મુંબઈમાં છે. આ ઉપરાંત પૂણેમાં ૪૨, સાંઘલીમાં ૨૫ અને નાગપુરમાં ૧૨ દર્દી છે. રાજ્યમાં અત્યાર સુધી ૩૯ દર્દી સ્વસ્થ થઈ ચુક્યા છે.

# કોવિડ-૧૯ લોકડાઉનઃ માર્ચ-એપ્રિલમાં ખાદ્યતેલની માગમાં ઘટાડની શક્યતા

*ન્યુ દિલ્હી,તા.૩૧*

દેશમાં પ્રસરેલા કોવિડ-૧૯ રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે સરકારે જાહેર કરેવા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે માર્ચ-એપ્રિલ દરમિયાન હૉટલો અને રૅસ્ટોરન્ટો બંધ હોવાને કારણે ખાદ્યતેલની માગમાં ઘટાડો થવાની શક્યતા ઔદ્યોગિક સંગઠને વ્યક્ત કરી છે. નોંધનીય બાબત ઓએ છે કે દેશની વર્ષે કુલ ૨૩૦ લાખ ટન ખાદ્યતેલની માગમાં ૪૦ ટકાનો વપરાશ રેસ્ટોરન્ટ અને કેફેટેરિયાનો હોય છે.હાલમાં ખાદ્યતેલની આયાત અને પ્રોસેસિંગ પ્રવૃત્તિઓ મંદ પડી છે, પરંતુ દેશમાં સ્થાનિક માગ સંતોષી શકે એટલો પૂરતી માત્રામાં સ્ટોક હોવાનું સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનનાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બી વી મહેતાએ જણાવ્યું હતું. આપણા દેશમાં ખાદ્યતેલનો માસિક વપરાશ ૧૮થી ૧૯ લાખ ટનનો છે અને રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે હૉટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને કેફેટેરિયાની માગમાં ચોક્કસપણે ઘટાડો થયો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જોકે, માગમાં કેટલી માત્રામાં ઘટાડો થશે એ અંગે અંદાજ મૂકવો મુશ્કેલ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે રેસ્ટોરન્ટની માગમાં ઘટાડો થવાની સાથે લોકડાઉનના સમયગાળામાં ઘરગથ્થુ વપરાશી માગમાં વધારો થવાની શક્યતા પણ નકારી ન શકાય. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આ સમયગાળામાં ખાદ્ય અને અખાદ્યતેલ મળીને કુલ વનસ્પતિ તેલની આયાતમાં પણ ઘટાડો થવાની શક્યતા છે તેમ છતાં પુરવઠા બાબતે ચિંતા નથી. આપણી પાસે આયાતી તેલનો પૂરતો સ્ટોક હોવા ઉપરાંત સ્થાનિકમાં રાયડા તેલનું ઉત્પાદન થઈ રહ્યું છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશ ખાતે રાયડાની લણણી થઈ રહી છે. તેમ જ મિલો દ્વારા પ્રોસેસિંગ પણ થઈ રહ્યું છે. જોકે, થોડા ઘણાં અંશે મજૂરોની અછત અને પરિવહનની સમસ્યાઓ છે, પરંતુ તેનો ઉકેલ આવી જશે. નોંધનીય બાબત એ છે કે દેશમાં વર્ષે ખાદ્યતેલની માગ ૨૩૦ લાખ ટન આસપાસની છે, જેમાંથી મુખ્યત્વે માગ આયાતથી સરભર થાય છે અને આયાત મુખ્યત્વે પામતેલની આયાત મલયેશિયા અને ઈન્ડોનેશિયાથી તથા સોયાબીન તેલની આયાત આર્જેન્ટિના અને બ્રાઝિલથી થાય છે. ગત માર્કેટિંગ વર્ષ ૨૦૧૮-૧૯ (નવેમ્બર-ઑક્ટોબર)માં દેશમાં વનસ્પતિ તેલની આયાત ૩.૫ ટકાથી વધીને ૧૫૫.૫ લાખ ટનની સપાટીએ રહી હતી. જેમાં ખાદ્યતેલની આયાત આગલા વર્ષના ૧૪૫.૧૬ લાખ ટન સામે વધીને ૧૪૯.૧૩ લાખ ટનની થઈ હતી.

# વિશ્વમાં કોરોનાના પોઝિટિવ આઠ લાખ થયા, ૩૭,૭૯૭ના મોત

*ન્યુ દિલ્હી,તા.૩૧*

કોરોના વાઈરસના વિશ્વભરમાં સાત લાખ ૮૫ હજાર ૭૭૭ કેસ નોંધાઈ ચૂક્યા છે. મૃત્યુઆંક ૩૭ હજાર ૮૧૫ થયો છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૬૫ હજાર ૬૦૭ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. અમેરિકામાં એક લાખ ૬૪ હજાર ૨૫૩ પોઝિટિવ કેસ નોંધાયા છે, જયાર મૃત્યુઆંક ૩૧૬૫ થયો છે. ઈટાલીમાં કોરોનાનો કહેર યથાવત છે અહીં પોઝિટિવ કેસ એક લાખ એક હજાર ૭૩૯ થઈ ગયો છે અને મૃત્યુઆંક ૧૧૫૯૧ થયો છે. નોંધનીય છે કે, ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂનો તપાસ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે , એક સહયોગીનો રિપોર્ટ પોઝિટિવ આવતા સેલ્ફ આઈસોલેટ થયા છે.અમેરિકાના પનામામાં સરકારે જેન્ટરના આધારે ક્વોરન્ટીનની જાહેરાત કરી છે. આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે મહિલાઓ સોમવાર, બુધવાર અને શુક્રવારે બે કલાક ઘરની બહાર નિકળી શકશે. પુરુષો મંગળવાર, ગુરુવાર અને શનિવારે ઘરની બહાર નિકળી શકશે. રવીવારે કોઈને પણ ઘરની બહાર નિકળવાની પરવાનગી આપવામાં આવી નથી. એક રિપોર્ટ મુજબ પનામામાં ૧૦૭૫ પોઝિટિવ કેસ છે. જયારે અહીં ૨૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. અહીં એક સપ્તાહથી લોકડાઉન છે જે આગામી ૧૫ દિવસ ચાલું રહેશે. સાથે લોકોને સોશિલ ડિસ્ટેસિંગનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

વોશિંગ્ટનમાં લોકોને ઘરમાં રહેવાનો આદેશ કરવામાં આવ્યો છે. તેનો ભંગ કરનારને રૂ. ૩.૭૦ લાખ (પાંચ હજાર ડોલર)નો દંડ અથવા ૯૦ દિવસની જેલ અથવા બન્ને સજા ફટકારવામાં આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે બીજા અન્ય દેશની સરખામણીમાં અહીં ૧૦ લાખ લોકોનો રિપોર્ટ કરવામાં આવ્યો છે. અમેરિકાના આરોગ્ય મંત્રી એલેક્સ અજારે કહ્યું કે અમે દરરોજ એક લાખ સેમ્પલની તપાસ કરી રહ્યા છીએ. કોલંબિયા જિલ્લાના મેયર મુરિયલ બોસરે સોમવારે ટ્વિટ કર્યું કે કોરોના વાઈરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. આ કારણે હું કોલંબિયા જિલ્લામાં લોકોને ઘરમાં રહેવાનો આદેશ આપું છું. લોકોને જરૂરી કામ હોસ્પિટલ જવું હોય, ભોજન માટે, જરુરી વસ્તુઓ માટે જ ઘરમાંથી બહાર નિકળવાની સલાહ આપવામાં આવી છે. વોશિંગ્ટનના આસપાસના રાજ્યો વર્જિનિયા અને મેરીલેન્ડમાં એક દિવસ પહેલાજ આ પ્રકારનો આદેશ બહાર પાડવામાં આવ્યો છે.

પાકિસ્તાનમાં કોરોના મહામારીનું સંક્રમણ સતત વધી રહ્યું છે, અહીં પોઝિટિવ કેસની સંખ્યા ૧૮૪૮ થઈ ગઈ છે. અહીં ૨૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. અહીં એક દિવસમાં સાત લોકોએ જીવ ગુમાવ્યો છે. પાકિસ્તાનનો પંજાબ વિસ્તાર સૌથી વધારે અસરગ્રસ્ત છે. અહીં ૬૫૧ કેસ અને નવ મોત થયા છે. સિંધમાં ૬૨૭ પોઝિટિવ કેસ અને છ લોકોના મોત થયા છે. બલૂચિસ્તાનમાં ૧૫૪ કેસ અન એક મોત થયું છે. ઈસ્લામાબાદમાં ૫૨ કેસ નોંધાયા છે.કોરોના વાઈરસની મહામારીથી ઈટાલીમાં ગંભીર સંકટ ઊભુ થયું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે મેં ઈટાલીના પ્રધાનમંત્રી સાથે વાત કરી છે. અમારી પાસે જે વધારાનો મેડીકલ સામાન છે અને જેની આપણને જરૂર નથી તે ઈટાલી મોકલવામાં આવશે, જેની કિંમત ૧૦ કરોડ ડોલર છે. ટ્રમ્પે કહ્યું ચીન અને રશિયા પણ અમેરિકાને જરૂરી મેડીકલ સામાન મોકલી રહ્યા છે. ઈટાલીમાં કોરોનાથી ૧૧૫૯૧ લોકોના મોત થયા છે અને એક લાખથી વધારે પોઝિટિવ કેસ છે.

ઈટાલીમાં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ એક હજાર ૭૩૯ થઈ ગઈ છે. જયારે અત્યાર સુધીમાં ૧૧૫૯૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઈટાલીમાં દરરોજ સરેરાશ ૬૦૦ લોકો જીવ ગુમાવે છે. ઈટાલીમાં લોકડાઉનના સમયગાળાને વધારી દેવામાં આવ્યો છે. સંક્રમણના દરમાં ઘટાડો થવાની આશા સેવાઈ રહી છે. સોમવારે અહીં ૧૬૪૮ કેસ પોઝિટિવ નોંધાયા છે. જયારે રવીવારે અહીં ૩૮૧૫ કેસ નોંધાયા હતા. ઈટાલી કોરોના વાઈરસમાં સૌથી વધારે પ્રભાવિત દેશ છે. અહીં ૨૧ ફેબ્રુઆરીના રોજ પ્રથમ કેસ સામે આવ્યો હતો.મોતની બાબતમાં ઈટાલી પછી સ્પેન પ્રભાવિત દેશમાં બીજા નંબરે આવે છે . પોઝિટિવ કેસની સંખ્યાની વાત કરીએ તો સ્પેનમાં ૮૭૯૫૬ થઈ છે, જયારે ચીનમાં ૮૧૫૧૮ કેસ નોંધાયા છે. સ્પેનમાં મૃત્યુઆંક ૭૭૧૬ થયો છે, જયારે ચીનમાં ૩૩૦૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાથી દેશના લોકો ફફડી રહ્યા છે ત્યારે રાજકારણ રમવુ કેટલું યોગ્ય.....?

નોવેલ કોરોના વાયરસને લઈને વિશ્વભરના લોકો ભારે ભયભીત થઈ ગયા છે. તેમાં ચીન, દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોરને બાકાત રાખવા પડે.... કારણ આ દેશોએ આગોતરું આયોજન કરી રાખ્યું હતું. ચીનના વુહાગમા ફાટી નિકળેલા કોરાનાને ચીને કાબૂમાં લઈ લીધો છે. પણ વિશ્વના દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોરે કોરોનાની ભયાવહતાને પારખી જઈને યુદ્ધના ધોરણે પગલાં લીધા જેથી આ દેશોને જાનહાનિ કે તેમના અર્થતંત્રને ફટકો પડયો નથી. જ્યારે વિશ્વના અન્ય ભારત સહિતના ૧૮૩ દેશો કોરોનાની ભયાનકતા અને તેના માનવભક્ષી રાક્ષસી રૂપ ને ઓળખી શક્યા ન હતા.....! પરિણામે વિશ્વભરમાં ૩૫ હજારથી વધુને કોરોના ભરખી ગયો છે તો ૭ લાખથી વધુ ને પોતાના જડબામાં જકડી લીધા છે. આ બધું છતાં વિશ્વના ડોકટરો- નર્સો- મેડિકલ કર્મચારીઓ અને હોસ્પિટલો- દવાખાનામાં જરૂરી ઈન્ફાસ્ટ્રક્ચરને કારણે દોઢ લાખ ઉપરાંત લોકો મોતના મુખમાં જતા બચાવી લઈ સાજા કરી દીધા છે. મતલબ કોરોના થાય એટલે મૃત્યુ નિશ્ચિત છે તેમ માનવું ભૂલભરેલું છે. અમેરિકાએ કોરોનાને ન ગણકારતા પોતાના દેશને પાયમાલીથી બચાવવા માટે ર્ઈષ્ઠાર્ગુહ સહિત જરૂરી પગલાં ન ભર્યા પરિણામે ૧૨૦૦ થી વધૂ મોત થયા છે જ્યારે દોઢ લાખ નાગરિકો કોરોના ગ્રસ્ત થઈ ગયા છે.આવા સમયે ટ્રમ્પનુ પોતાનું કહેવું છે એક લાખ સુધી મોતનો આંકડો રોકી શકીએ તો જંગ જીત્યા..... ત્યારે બે દિવસ પહેલા તેમના વૈજ્ઞાનિક તજજ્ઞોએ આશંકા વ્યક્ત કરી હતી કે એક લાખ ઉપરાંતની મોત થઈ શકે છે.... જેને કારણે અમેરિકનોમા વધુ ફફડાટ ફરી વળ્યો છે તેમજ ત્યાંના લોકોમાં માનસિક અસર સવિશેષ પેદા થઈ ગઈ છે. જોકે અમેરિકામાં ભારતીયો તેમાંય ખાસ તો ગુજરાતીઓની ખાવા પીવાનુ ૧૨ માસ સંગ્રહ કરવાની નીતિને કારણે તકલીફમા ઓછા મુકાયા છે. જે ખરેખર આનંદની વાત છે. ત્યારે ભારત મોડે જાગ્યું છે તેના અનેક કારણો હોઈ શકે છે.....! પરંતુ કોરોનાની ભયાનકતાને ઓળખવામાં ભૂલ કરી ગયું છે.....! છતાં ભારતમાં કોરોનાને કારણે ૩૯ લોકોના મોત થયા છે અને કોરોના વાયરસગ્રસ્તોનો આંકડો ૧૩૦૦ થવા તરફ આગળ વધી રહ્યો છે. મોદીજીના લોકડાઉનને કારણે સ્થિતિ વધુ બગડી નથી... પરંતુ તેમનું ર્ઈષ્ઠાર્ગુહ જે તે રાજ્યના શહેરોમાં પરપ્રાતિઓ,આદિવાસીઓ,વનવાસીઓની વતન તરફ હિજરતને કારણે ફેઈલ થવાની શક્યતા વધી છે.....! કારણ આવા ટોળાબંધ નિકળેલા અસંગઠિત કામદારો હજારોની સંખ્યામાં છે તેમાંથી જો કોઈને કોરોના પોઝિટિવ હોય તો દેશનું કોઈ ગામડું બાકી રહેશે ખરું.....?! એવી આશંકાઓ વ્યક્ત થઈ રહી છે......! કોરોના વાયરસની ગંભીરતા સમજ્યા વગર રાજકીય ક્ષેત્રે રાજકારણ ખેલવાનુ શરૂ થઈ ગયું છે... જેમાં ભાજપાએ દિલ્હીમાં હજારોની સંખ્યામાં અસંગઠિત મજુરો, ગરીબોએ સ્થાનિટ સ્તરે સહાય ન મળતા વતનની વાટ પકડી.... તેને લઈને ભાજપાએ યુપી મુખ્યમંત્રી કેજરીવાલ ઉપર દોષનો ટોપલો ઢોળ્યો છે.... મતલબ બલીનો બકરો બનાવવા માટે ભાજપાનું સોશિયલ મિડીયા પણ તેમની પર તૂટી પડયું છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર અને ગૃહ મંત્રાલય પણ મેદાનમાં ઉતરી પડ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૧/૦૪/૨૦૨૦, બુધવાર,, ચૈત્ર સુદ-૮
સૂર્યોદય-૬-૪૦ સૂર્યાસ્ત-૭-૦૦, જૈન નવકારશી-૭-૨૮,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ)નક્ષત્ર-આર્દ્રા

સૂર્ય-મીન
ચંદ્ર-મિથુન
મંગળ-મકર
બુધ-કુંભ
ગુરૂ-મકર
શુક્ર-વૃષભ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૪૧ થી લાભ-અમૃત-૯-૪૬ સુધી, ૧૧-૧૮ થી શુભ-૧૨-૫૧ સુધી, ૧૫-૫૬ થી ચલ-લાભ-૧૯-૦૧ સુધી, ૨૦-૨૮થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૦ સુધી

- શુભ હોરા-
૬-૪૧ થી ૮-૪૪ સુધી, ૯-૪૬ થી ૧૦-૪૭ સુધી, ૧૨-૫૧ થી ૧૫-૫૬ સુધી, ૧૬-૫૮થી ૧૭-૫૯ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૧-૦૪-૨૦૨૦ બુધવાર(જી.એન.એસ)

**મેષ(અ.લ.ઈ.) :-** ભાગીદારોને તમારે માર્ગદર્શન દેવું પડે નવું આયોજ લાભદાયક રહે વિજાતીય મિત્રતા ગાઢ બને.

**વૃષભ(બ.વ.ઉ.) :-** બીજાના કાર્યમાં ડખલગીરી નકરતા રોજીંદા કાર્યને વળગી રહેજો જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે.

**મિથુન(ક.છ.ઘ.) :-** સ્વાસ્થ્ય બાબત સુધારો રહે. સીઝનલ ધંધાર્થી લાભ હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું રાજકારણમાં સફળતા.

**કર્ક(ડ.હ.) :-** વ્યવસાયમાં અનુકુળતાઓ વધવાની વિદેશથી પણ લાભ મલે. મહેનતનું ફળ મલવાનું લકઝરી ચીજવસ્તુની ખરીદી થાય.

**સિંહ(મ.ટ.) :-** નવા કોલ કરારોમાં સફળતા વાળો દિવસ રહે આવકનું પ્રમાણ વધવાનું ખાવા પીવામાં તકેદારી જરૂરી છે.

**કન્યા(પ.ઠ.ણ.) :-** શેર બજારમાં મોટા જોખમો ન લેવા કર્જ કરવાથી દૂર રહેજો ભાઇ-બહેનો સાથે સુમેળ વધવાનો પ્રવાસ થાય.

**તુલા(ર.ત.) :-** અગત્યના કાર્યોને સફળ થતા જોઇ શકશો નોકરીમાં લાભ અંગત જીવનમાં ધ્યાન દેજો પ્રવાસમાં જાળવવું.

**વૃશ્ચિક(ન.ય.) :-** તમારી મહેનતનું ફળ મલવાનું જીવના નવું જોમ જુસ્સો જોવા મલે. વિદેશ સાથેના ધંધામાં લાભ રહેવાનો.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :-** ફીલ ગુડ વાળો દિવસ રહેવાનો નોકરીમાં લાભ મનગમતું કાર્ય મલે. હરીફોથી પણ લાભ રહેશે આર્થિક લાભ

**મકર(ખ.જ.) :-** અંગત જીવનમાં અપસેટ રહેવાને લઇને રોજીંદા કાર્યમાં અવરોધો રહે. ગુસ્સા ટાળજો - મિલ્કતથી લાભ રહેશે.

**કુંભ(ગ.શ.સ.) :-** યોગ્ય પ્રયત્નો જરૂર સફળતા અપાવશે. નવી યોજના લાભ દાયક રહેવાની લકઝરી ચીજ વસ્તુથી લાભ.

**મીન(દ.ચ.ઝ.) :-** સ્વાસ્થ્ય જાળવવું ભાગીદારોને સાથે સહકાર દેવો મિત્રો સાથે વ્યવસાયની ચર્ચા થાય નવી ઓળખાણ થાય.

# ગુજરાતમાં કોરોનાના વધુ બે કેસો પોઝીટીવ, કુલ સંખ્યા ૭૦ને પાર

*ગાંધીનગર, તા.૩૧*

ગુજરાતમાં કોરોના કેસો અટકવાનું નામ ન લેતા હોય તેમ આજે પણ વધુ બે કેસો બહાર આવ્યાં છે. અમદાવાદ કોરોના મહામારીમાં ગુજરાતનુમ એપી સેન્ટર બની રહ્યું છે. અને જ્યાં વધુ કેસો નોંધાય તેની પાંચ કિ.મી.ની ત્રિજિયામાં કલ્સ્ટર શોધીને સઘન તપાસ ચાલી રહી છે

કોરોના વાઈરસના પગલે ચાલી રહેલા ૨૧ દિવસના લોકડાઉનમાં ગુજરાતમાં પણ તેના અમલની વચ્ચે આજે કોરોનાના વધુ બે કેસ પોઝીટીવ નોંધાતા ગુજરાતમાં હવે કોરોનાના કુલ કેસો વધીને ૭૩ પર પહોંચી ગયો છે. અને મૃત્યુઆંક ૬ પર છે. ૭૩માંથી સૌથી વધુ કેસો અમદાવાદમાં નોંધાતા અમદાવાદ શહેર આ રોગ માટેનું એપી સેન્ટર બની રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. કેસો નોંધવાની વચ્ચે ૪ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે પહોંચ્યા હોવાના પણ રાહતસમાન અહેવાલ છે. તમ છતાં સરકારે લોકોને લોકડાઉનનો કડક અમલ કરવા આજે પણ વારંવાર ચેતવણી આપી હતી. એક રીતે જોઈએ તો ગુજરાતમાં રોજેરોજ કોરોનાના નવા નવા કેસો બહાર આવી રહ્યાં છે જે લોકલ ટ્રાન્સમિશન પ્રક્રિયાના છે. કોમ્યુનિટી સંક્રમણ નથી. જે એક પ્રકારે રાહતરૂપ કહી શકાય.

ગુજરાતમાં કોરોના મહામારીના કેસોની માહિતી આપવા માટે સરકાર દ્વારા નિયુક્ત આરોગ્ય સચિવ જયંતિ રવિએ આજે સવારે રૂટીન પત્રકાર પરિષદમાં કોરોના ની માહિતી આપતાં કહ્યું કે, લોકડાઉનની સ્થિતિ વચ્ચે રાજ્યમાં વધુ બે પોઝીટીવ કેસ નોંધાયા છે અને રાજ્યમાં કુલ ૭૩ પોઝીટીવ કેસ નોંધાયા છે. જે બે નવા કોરોનાના કેસ નોંધાયા છે. તે લોકલ ટ્રાન્સમિશનના છે. તેમાં એક અમદાવાદન ૫૫ વર્ષિય પુરુષનો છે. આ ઉપરાંત ગાંધીનગર-અમદાવાદ બોર્ડર પરના ખોરજની મહિલાનો રિપોર્ટ પણ છે. ૭૩ કેસમાં ૩૭ કેસ લોકલ ટ્રાન્સમિશનના છે જ્યારે ૩૨ કેસ વિદેશથી આવેલા અને ચાર કેસ આંતર રાજ્યથી આવેલા લોકોના છે. ગુજરાતમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક છ છે અને બે લોકો વેન્ટીલેટર પર છે. જ્યારે અન્ય લોકોની તબિયત સ્થિર છે અને રાજ્યમાં પાંચ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે. રાજ્યભરમાં ૧૮ હજાર ૭૮ જેટલા લોકો હોમ ક્વોરેન્ટાઈનમાં છે. જ્યારે ૭૪૧ લોકો સરકારી કોરેન્ટાઈનમાં છે. આમ રાજ્યમાં કુલ ૧૯ હજારથી



વધુ લોકો કોરેન્ટાઈનમાં છે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં. અત્યાર સુધીમાં ૬.૧૫ કરોડ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે. ગુજરાતમાં જે કોરોના પોઝિટીવ કેસો નોંધાયો છે તેમાં ૩૨ વિદેશ, ૪ આંતરરાજ્ય, ૩૭ લોકલ ટ્રાન્સમિશન કેસ છે. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ગોત્રી હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવશે, અને રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિને જોતા વધુ ૧૦ લાખ ત્રિપલ લેયર માસ્કનો સ્ટોક તૈયાર રાકવા પણ જણાવાયું છે.

તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે,અમદાવાદમાં મેમનગરના ૩૮ વર્ષના અમેરિકાથી આવેલા યુવાનને એસવીપી હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યાં સેમ્પલ ટેસ્ટ કરતાં કોરોના પોઝીટિવ હોવાનું જણાતા કુલ કેસ વધીને ૨૩ થયા છે. જોકે આજે સારા ચિહન બે છે આજે એક પણ મૃત્યુ નોંધાયું નથી અને ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન બે દર્દીઓ સાજા થતાં તેમને એસવીપી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે સાજી થયેલી વ્યક્તિઓની સંખ્યા ત્રણની થઈ છે. આજે રજા અપાઈ છે, તેમાં ૬૫ વર્ષના પુરૂષ અને ૬૨ વર્ષના મહિલાનો સમાવેશ થાય છે. બન્ને લાલદરવાજાના રહીશ છે અને સાઉદી અરેબિયાના પ્રવાસ બાદ કોરોના થયો હતો. ગુજરાતમાં આજે ૩ નવા કેસો બહાર આવ્યા છે. કુલ આંક ૭૩એ પહોચ્યો છે. જેમાં ૬ લોકોને રિકવરી આવી છે. જ્યારે ૬ લોકોનાં મોત નીપજયાં છે. અમદાવાદ અને ગાંધીનગરમાં ૧-૧ પોઝિટિવ કેસનો વધારો થયો છે. અમદાવાદમાં ૨૩, ગાંધીનગરમાં ૧૦, રાજકોટ -૧૦, સુરત અને વડોદરામાં ૯-૯, ભાવનગરમાં ૬, ગીર સોમનાથમાં ૨, મહેસાણા-કચ્છ- પોરબંદરમાં ૧-૧-૧ કેસ નોંધાય છે. સુરતના રાંદેરમાં વૃદ્ધનો પોઝિટિવ રિપોર્ટ આવ્યા બાદ તેમના સંપર્કમાં આવેલા તબીસ સહિતના ૫ લોકોને ક્વોરન્ટીન કર્યા છે.૧૫૦૦ જેટલાં બેડરૂમ રિઝર્વ રાખવામાં આવ્યાં હોવાનું જણાવીને તેમમે ઉમેર્યું કે, બોપલ-સનાથળ વગેરે અમદાવાદની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના દર્દીઓ નોંધાવાનું ચાલુ થતાં તેમજ આ વિસ્તારોમાં પણ વિદેશથી આવેલાં નાગરિકો હોવાથી તેમને હોમ-ક્વોરેન્ટાઇન કરાયા હોવાથી તે વ્યવસ્થા જિલ્લા તંત્ર સંભાળી રહ્યું છે, જયારે ફૂડપેકેટ વિગેરેની વ્યવસ્થા ઔડા દ્વારા કરાઈ રહી છે. હવે જો વધુ વ્યક્તિઓને ક્વોરેન્ટાઇન કરવાની જરૂરિયાત ઉભી થાય તો ઔડા વિસ્તારમાં બની રહેલા ફલેટોની ૪૮૫ જેટલી સાઇટના ૧૫૦૦ જેટલાં બેડરૂમ રિઝર્વ રાખવામાં આવ્યાં છે.

ગાંધીનગરમાં કોરોના વાયરસના વધુ બે પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ગાંધીનગરમાં પોઝિટિવ કેસનો આંકડો હવે ૧૧ પર પહોંચ્યો છે. આ સાથે જ ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૭૩ પોઝિટિવ કેસ નોંધાયા છે.

ભાવનગરમાં પાંચ પોઝિટિવ કેસ પૈકી એક મહિલાનું મોત નીપજતા મૃત્યુઆંક બે પર પહોંચ્યો છે અને રાજ્યનો કુલ ૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેના કારણે હાલ લોકોમાં એક પ્રકારે ડર છવાયો છે. ગુજરાતના જાહેર રસ્તાઓ પરની અવરજવર પણ નહીંવત બની છે. તંત્ર દ્વારા જે વિસ્તારના પોઝિટિવ કેસ નોંધાયા છે ત્યાં અંતરાયો દ્વારા માર્ગો બંધ કરી દઈ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેમજ આ વિસ્તારને સેનેટાઈઝ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

એસવીપીમાં જરૂર પડે તો વધુ બેડની સુવિધા ઉભી કરાશે તેમ ઉચ્ચ અધિકારીઓ જણાવી રહ્યાં છે. અમદાવાદમાં હાલ જે ૨૩ દર્દીઓ દાખલ થયેલાં છે, તે પૈકી ૧૪ની વિદેશ પ્રવાસની હિસ્ટ્રી છે, ૨ દર્દી આંતરરાજ્યમાં પ્રવાસે ગયા હતા, જ્યારે લોકલ ટ્રાન્સમીશનના કારણે ૭ ને ચેપ લાગ્યો છે

રાજકોટમાં કોરોનાના દર્દીઓમાં આજે ૩૧ માર્ચે કોરોના વાઈરસના ૧૬ જેટલા શંકાસ્પદ કેસ નોંધાયા છે. આ તમામના લોહીના સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેરના ૪, રૂરલના ૨ અને બીજા અન્ય જિલ્લાના દર્દીઓનો સમાવેશ થાય છે.

# જમાતના મરકજમાંથી આવેલા ૨૪ લોકો પોઝિટીવ, ૭૦૦ લોકોને કરાયા ક્વારેન્ટાઈન

*ન્યુ દિલ્હી,તા.૩૧*

દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલીગી જમાતના મરકજમાં હાજર ૨૪ લોકો અત્યારસુધીમાં કોરોના પોઝિટીવ મળ્યા છે. આ માહિતી દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સંતેદર જૈને આપી છે. તેમણે કહ્યું કે અમને સચોટ આંકડો ખબર નથી. પરંતુ મરકજમાં ૧૫૦૦ થી ૧૭૦૦ લોકો એકઠા થયા હતા. અત્યાર સુધી ૧૦૩૩ લોકોને બહાર કાઢી ચૂક્યા છીએ.સ્વાસ્થ્ય મંત્રી સતેંદર જૈને કહ્યું કે અત્યાર સુધી ૩૩૪ લોકોને હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. જ્યારે ૭૦૦ લોકોને ક્વોરનટાઈન સેન્ટર મોકલવામાં આવ્યા છે. મરકજ સેન્ટર પર ડોક્ટરની ટીમ એકઠી થયેલી છે. અને અત્યારે લોકોને બહાર કાઢવામાં આવી રહ્યાં છે. આ ઉપરાંત આસપાસના વિસ્તારોને પણ સેનેટાઇઝ કરવામાં આવી રહ્યાં છે.નિઝામુદ્દીન સ્થિતી તબ્લીગી જમાતના મરકજ બાબત ત્યારે સામે આવી જ્યારે દિલ્હીમાં ૬૪ વર્ષના એક વ્યક્તિના મૃત્યુના સમાચાર સામે આવ્યા. આ વ્યક્તિને કોરોના પોઝિટીવ મળ્યા હતા. ત્યાર પછી ૩૩ લોકોને ભરતી કરવામાં આવ્યા. જેમાંથી અમુક કોરોના પોઝિટીવ પણ આવ્યા હતા. આ રિપોર્ટ સામે આવ્યા પછી તમામ બાબતો સામે આવી અને સંપૂર્ણ સેન્ટરને ખાલી કરવામાં આવ્યું.

# તબલીગી જમાત સંલગ્ન ઈન્ડોનેશિયાના ૮૦૦ લોકો થશે બ્લેકલિસ્ટ

*ન્યુ દિલ્હી,તા.૩૧*

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તબલીગી જમાત સંલગ્ન ઈન્ડોનેશિયાના લગભગ ૮૦૦ લોકોને બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યાં મુજબ વિઝા નિયમોના ભંગ બદલ તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. આ સાથે જ અન્ય લગભગ ૨૫૦ વિદેશીઓને બ્લેકલિસ્ટ કરવાની સાથે તેમના વિઝા પણ રદ કરવામાં આવશે. આ તમામ દક્ષિણ દિલ્હી સ્થિત નિઝામુદ્દીન વિસ્તારમાં હાલમાં જ આયોજિત એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે આવ્યાં હતાં. તેમાંથી અનેક લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયા અને ત્યારબાદ તેમણે બીજાના જીવ પણ જોખમમાં મૂક્યાં.

એટલું જ નહીં તબલીગી જમાતના કાર્યક્રમમાં દેશના પાંચ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો સામેલ થયા હતાં. તપાસ એજન્સીઓને શક છે કે કાશ્મીરમાં ૬૫ વર્ષના જે વ્યક્તિનું કોરોનાથી મોત થયું તેઓ પણ તબલીગી જમાતના કાર્યક્રમમાં સામેલ થયા હતા. જમ્મુ અને કાશ્મીર, તેલંગણા, ઉત્તર પ્રદેશ, તામિલનાડુ અને દિલ્હીના લોકો સામેલ થયા હતાં. આ તમામ દ્વારા કોરોના વાયરસ ફેલાવવાનો મોટો ખતરો છે. તામિલનાડુથી ૧૫૦૦ લોકો સામેલ થયા હતાં. લગભગ ૨૦૦ લોકો તેલંગાણા અને કાશ્મીરથી પણ અનેક લોકો સામેલ થયા હતાં.

# અર્થતંત્રનું પુનરુત્થાન અસંભવ, રાહતો સારી છે, છતાં મોટી આફતો દુર નહીં કરી શકે

*ન્યુ દિલ્હી,તા.૩૧*

મોદી સરકારે તેના વચન મુજબ છેલ્લા કેટલાંક દિવસોમાં ગરીબ-સામાન્ય માણસોથી લઈ વેપાર ઉધોગ વર્ગ માટે આર્થિક રાહતની ચોકકસ જાહેરાત કરી. રિઝર્વ બેંકે પણ અપેક્ષા મુજબ વ્યકિતથી લઈ કંપનીઓ સુધી વિવિધ સ્વરૂપે રાહત આપી. આ રાહતથી સરકારનું કામ પુરું નહી થાય અને પ્રજાનું કે વેપાર-ઉધોગનું કામ પણ પુરું નહીં થાય. કારણ કે આપણો દેશ કોરોનાની લપેટમાં તો હજી બહુ આવ્યો નથી, કિંતુ મંદીની લપેટમાં બહુ ગંભીર સ્વરૂપે આવી રહયો છે. હવે આપણે એ દિશામાં જઈ રહયા છે ત્યાં કોરોના નહીં હોય તો પણ આર્થિક સમસ્યા આંખો ફાડીને સામે ઊભી હશે. વિશ્વ આખું મંદીના વિષચક્રમાં ફસાઈ ગયું છે. જયાંસુધી કોરોના છે ત્યાંસુધી કોઈપણ દેશની રાહત પુરી થવા લાગશે તો ય કોઈ સુધારો થશે નહીં, કારણ કે કોરોનાને કારણે આર્થિક પ્રવૃતિ અને સામાજીક વ્યવહારો સ્થગિત થઈ ગયા છે.

સરકારે અને રિઝર્વ બેંકે જે કંઈ રાહત જાહેર કરી છે તેમાં અંદાજિત ત્રણ મહિનાનો સમય આપ્યો હોવાથી એક તારણ એવું નીકળે છે કે કોરોના સર્જીત આફત ત્રણ મહિના તો પાકકી રહેવાની શકયતા છે. અલબત્ત, સરકારે અને રિઝર્વ બેંકે સમય-સંજોગ મુજબ વધુ રાહતની પણ તૈયારી બતાવી છે. આમ તો દરેક દેશો પોતાના અર્થતંત્રને ટેકો આપવા જંગી રાહત પેકેજ જાહેર કરતા રહયા છે, તેમછતાં વૈશ્વિક સંસ્થાઓના મતે વિશ્વ આખું મંદીની માંદગીમાં પ્રવેશી ગયું છે, જે સંભવત કોરોનાથી પણ વધુ ગંભીર બની શકે. આ ભયંકર અનિશ્રિતતાના સંજોગોમાં અર્થતંત્ર અને બજારો કયારે, કઈ રીતે અને કેટલાં સુધરશે એ કોઈ કહી શકે એમ નથી, તેનો અંદાજ લગાવવો પણ કઠિન બની ગયું છે. અર્થતંત્ર હોય કે વેપારના બજારો કે પછી ઉધોગો , એ આર્થિક પરિબળો (ફંડામેન્ટલ્સ), સેન્ટીમેન્ટ (લોક માનસ) અને લિકવીડિટી (પ્રવાહિતા-પૈસાની છુટ) પર આધાર રાખતા હોય છે. જેના આધારે રોકાણ જગત કામ કરતું હોય છે. તેથી હાલમાં ઈન્વેસ્ટરોએ કેટલીક હકીકત સમજવી આવશ્યક છે.પહેલી વાત, સમગ્ર દેશમાં લાંબું લોક ડાઉન ચાલી રહયું હોવાથી ઉત્પાદન પ્રવૃતિ અને વેપાર પ્રવૃતિ સાવ જ બંધ છે. અલબત્ત, આમાં કેટલીક આવશ્યક ચીજ-વસ્તુઓ અપવાદ છે. જો કે તેના આશરે અર્થતંત્ર ચાલી શકે નહીં. આ બંધી અને મંદીને કારણે નાણાંની હેરફેર નહિવત થઈ ગઈ છે. કરોડના હિસાબે નોકરી, ધંધા , સ્વરોજગાર, વગેરે અસર પામ્યા છે. આવી હાલતમાં વપરાશ કયાંથી અને કેટલો વધી શકે?, વપરાશની અછત હોય તો માગ કયાંથી અને કેટલી વધી શકે? મોટાભાગના વેપાર-ઉધોગ ધિરાણના બોજ હેઠળ છે. તેમને રિઝર્વ બેંકે ચોકકસ રાહત આપી ભલે, પરંતુ એ તો કામચલાઉ છે, જયારે કે તેમની સમસ્યા લાંબી, નાજુક અને ગહન છે. રિઝર્વ બેંકે ધિરાણ માટે નાણાં પુરવઠો-પ્રવાહિતા તો વધારી આપી , કિંતુ એ ધિરાણ લેવા કોણ , શા માટે આવશે ? કેટલીક રાહતથી અમુક વર્ગના હાથમાં નાણાં બચશે, કિંતુ તે વર્તમાન સંજોગોમાં ચોકકસ બાબતો સિવાય વપરાશે કયાં એ મોટો સવાલ છે.

એકતરફ અર્થતંત્ર સામે વપરાશ- માગની મંદી ચાલુ છે ત્યારે બીઝીતરફ ક્રુડની ક્રાઈસિસ ઊભી છે, સીધા વિદેશી રોકાણની વાત તો બાજુએ રહી, શેરબજારમાંથી વિદેશી રોકાણ સતત પાછું ખેંચાઈ રહયું છે. ડોલર સામે રૂપિયો નબળો પડી રહયો છે.રોજગારલક્ષી ગણાતા ઓટો અને કધસ્ટ્રકશન જેવા સેકટરમાં દુકાળ જેવી હાલત છે. રોજિંદી આવક પર જીવતા મજુરો પોતાના ગામ તરફ વળી રહયા છે. કંપનીઓના બિઝનેસ કામકાજ થંભી ગયા હોવાથી કમસે કમ બે કવાર્ટર (બે ત્રિમાસિક ગાળા) ની કામગીરી નિરાશાજનક રહેવાની સંભાવના ઊંચી છે. આવામાં માર્કેટ કયાંથી ચાલી શકે? દેશનો વિકાસ દર નીચે રહેવાનું નિશ્રિત છે. આર્થિક વેગ માટે કોરોનાનો લોક ડાઉન પત્યા બાદ વેપાર-ઉધોગને હજી રાહત જોઈશે.

આ સમયમાં રોકાણકારો બજારની વોલેટાઈલ (તોફાની વધઘટવાળી) ચાલને જોઈને કયારે ખરીદવું, કયારે વેચવું અને કેટલો સમય જાળવી રાખવું ? નાણાંનું રોકાણ કયાં -કેટલું કરવું ? જેવા સવાલો સાથે મુંઝવણમાં છે, જેના જવાબમાં અત્યારે તો એમ કહી શકાય કે બજાર પાસે મજબુત ફંડામેન્ટલ્સ તો છે જ નહીં. પ્રવાહિતા બહુ કામ નહીં કરે, કારણ કે બજારમાં ખરીદવાનો જુસ્સો આવી શકતો નથી. નબળાં અને નિરાશાજનક સેન્ટીમેન્ટને કારણે બજાર હજી ઘટી શકવાની શકયતાને લીધે નવી ખરીદીને વેગ મળી શકતો નથી. ગભરાટમાં વેચાણ થયા કરે છે. બાકી હાલ બજારનો સાદો ફંડા એ ચાલે છે કે વધે તો નફો બુક કરી લો અને ઘટે તો થોડું ખરીદી લો. બજાર પાસે બહુ આશા ન રાખો. અન્યથા બજારને લાંબો સમય આપી દો.

# તબલિઘી જમાતને કારણે પાકિસ્તાનમાં ૨૭ લોકોનો રિપોર્ટ આવ્યો પોઝિટિવ

*લાહોર,તા.૩૧*

હાલ દેશમાં કોરોના સામે લડી રહ્યો છે ત્યારે દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં તબલિઘી જમાતના મરકઝમાં ૧થી ૧૫ માર્ચ સુધી ૫ હજારથી વધુ લોકો એક ધાર્મિક આયોજનમાં સામેલ થયા હતા. તેમાં ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડથી આવેલા લોકો પણ સામેલ હતા. ૨૨ માર્ચે લોકડાઉનની જાહેરાત બાદ પણ અહીં ૨ હજાર લોકો રોકાયેલા હતા. તેમાંથી ૩૦૦ લોકો કોરોનાથી સંક્રમિત હોય તેવી આશંકા છે. શંકાસ્પદ લોકોને તપાસ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. તેમને શરદી, ઉધરસ અને કફની ફરિયાદ છે. ભારત બાદ પાકિસ્તાનમાં આ સમુદાયમાં કોરોનાનો કહેર જોવા મળ્યો છે.

પાકિસ્તાનના લાહોરમાં થોડા દિવસો પહેલા સરકારની મંજૂરી વગર ૫ દિવસનો ધાર્મિક કાર્યક્રમ થયો હતો. જેમાં આસરે ૧૨૦૦ લોકો લાહોરના રાયવિંદમાં એકત્ર થયા હતા. રવિવારે જ્યારે અહીંયા તપાસ કરવામાં આવી ત્યારે ૩૫માંથી ૨૭ લોકો કોરોના પોઝિટિવ જણાયા હતા. લાહોરમાં એકઠા થયેલા લોકોમાંથી આશરે ૫૦૦ લોકો વિદેથી હતા. જેઓ ચાર મહિનાથી પ્રચાર કરવા અહીં આવ્યા હતા.

# નિઝામુદ્દીન મકરજ મામલો સામે આવતા યુપી સરકાર એલર્ટ

*)લખનઉ,તા.૩૧*

દિલ્હીના નિઝામુદ્દીન મરકજના જે લોકો કોરોના વાયરસના શંકાસ્પદ મળ્યા છે તેમાં આશરે ૧૦૦ લોકો યૂપીના છે ત્યારે હવે ઉત્તર પ્રદેશ સરકારે દિલ્હીના નિઝામુદ્દીન મરકજથી યૂપી આવેલા દરેક વ્યક્તિનો કોરોના ટેસ્ટ કરાવવાનો આદેશ આપ્યો છે. ડીજીપીએ મરકજથી ઉત્તર પ્રદેશ આવેલા લોકોનું લિસ્ટ પણ જાહેર કર્યું છે.દક્ષિણ દિલ્હીના નિઝામુદ્દીન પશ્ચિમ વિસ્તારમાં એકથી ૧૫ માર્ચ વચ્ચે તબલીગ-એ-જમાતના કાર્યક્રમમાં ૨ હજારથી વધારે લોકો જોડાયા હતા. આમાં ઈન્ડોનેશિયા અને મલેશિયાના લોકો પણ જોડાયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે કેટલાક લોકોના કોરોના વાયરસના સંપર્કમાં આવ્યા બાદ વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે, મોટી સંખ્યામાં લોકોમાં બીમારીના લક્ષણ દેખાયાના રિપોર્ટ બાદ દિલ્હી પોલીસ અને સીઆરપીએફના ઓફિસરો અને મેડિકલ ટીમો રવિવારે રાત્રે વિસ્તારમાં ગઈ હતી.ઓછામાં ઓછા ૧૦૦ લોકોના સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આના રિપોર્ટ આજે આવી જાય તેવી શક્યતા છે. મુસ્લિમ સંગઠન તબલીગ-એ-જમાતના મુખ્યાલય અને ઘરો સહિત આખા વિસ્તારને અલગ કરી દેવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે દિલ્હી પોલીસ, સીઆરપીએફની મેડિકલ ટીમો લોકોની તપાસ કરી રહી છે અને તેમને નિર્ધારિત હોસ્પિટલોમાં મોકલવામાં આવી રહ્યા છે. ગત સપ્તાહે શ્રીનગરમાં આશરે ૬૦ વર્ષીય વ્યક્તિનું સંક્રમણના કારણે મોત થયા બાદ ચિંતામાં વધારો શરુ થયો છે. આ વ્યક્તિ આ કાર્યક્રમમાં જોડાયો હતો. અધિકારીઓ અનુસાર, સંગઠનના મુખ્યાલયમાં મોટી સભા બાદ નાની નાની મંડળીઓમાં પણ લોકો બેસતા હતા.



મુખ્ય મંત્રી વિજય ભાઈ રૂપાણીએ કોરોના વાયરસ સામે લડવા માટે ના ફંડ અંતર્ગત મુખ્ય મંત્રી રાહત નિધિમાં ફાળો આપવાની કરેલી અપિલ ને વ્યાપક પ્રતિસાદ સાંપડયો છે. ગુજરાત સરકાર ના સાહસ જી એસ પી સી ગ્રુપ કંપની દ્વારા ૫૨.૫૦ કરોડ તેમજ જી એસ પી સી કર્મીઓના એક દિવસ ના વેતન ના સ્વૈચ્છિક ફાળા પેટે ૫૫ લાખ ની દાન રકમ ના ચેક ઊર્જા અગ્ર સચિવ અને મુખ્ય મંત્રીના અગ્ર સચિવ એમ કે દાસે મુખ્ય મંત્રી વિજય ભાઈ રૂપાણી ને અર્પણ કર્યા હતા. જી એસ પી સી ના ૧૦ કરોડ ગુજરાત પેટ્રોનેટ લી. ના ૨૦ કરોડ ગુજરાત ગેસ કંપની ના ૨૦ કરોડ અને સાબરમતી ગેસ લિ ના ૨.૫૦ કરોડ મળી કુલ ૫૨.૫૦ કરોડ નું આ દાન ભન્ડોળ મુખ્ય મંત્રી રાહત નિધિમાં આપવામાં આવ્યું છે.



ગુજરાત મેરિ ટાઈમ બોર્ડ દ્વારા ૨૫ કરોડ રૂપિયા નો ફાળો મુખ્ય મંત્રી રાહત નિધિમાં કોરોના સામે લડવાના ભંડોળ તરીકે મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી ને બોર્ડ ના વી.સી અને સી ઈ ઓ મુકેશ કુમારે ગાંધીનગરમાં અર્પણ કર્યો હતો.



શ્રી સદારામ ચેરીટેબલ ના પ્રમુખ અને સિધ્ધપુરના લોકપ્રિય ધારસભ્યશ્રી ચંદનજી ઠાકોર દ્વારા તેમજ ત્રિરંગા વિધ્ધા સંકુલના ટ્રસ્ટીશ્રી દશરથભાઈ પટેલના સહકાર થી આજે ઈંકલ્યાણા ગામના જરૂરિયાત મંદલોકો નું એક દિવસ પહેલા ભુપેન્દ્રસિંહ વાઘેલ દ્વારા ઘેર ઘેર ફરીન સર્વે કરવામાં આવેલ(૪૦૦) લોકો સુધી આજે દરેક જણ ના ઘેર ઘેર જઈને જમવાનું પહોંચાડવામાં આવ્યું. જેમાં ગામના ઉપસરપંચશ્રી અને જીલ્લા કોંગ્રેસન પ્રવક્તા શ્રીભુપેન્દ્રસિંહ વાઘેલા, દિનેશભાઈ બારોટ, સુખદેવ ઠાકોર, પ્રકાશભાઈ, વિકાસ નાયક જેવા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવીને જન સેવા પૂરી પાડી હતી. ઘર મા રહા સુરક્ષીત રહા.



આવો કોઈની મદદ કરીએ ભૃગુવેન્દ્રસિંહજી ધ્વારા રાજેન્દ્રનગર ટોલ-ટેક્ષ ખાતે રાજેસ્થાન પગપાળા જતા લોકો માટે નાસ્તા , જમવા , આરામ કરવાની તથા હોન્ડગ્લોસ-માસ્ક ની સેવા ચાલુ કરવામાં આવી, રાઈગઢ , બેબાર , સુનોખ , વાંટડા , ગોકુલ નગર, જલારામ રોડ, ઈન્દ્રનગર આસ-પાસ ના ગરીબ પરીવારો ને કરીયાણા-કીટ આપવામાં આવી, મુકેશસિંહ રહેવર, રાજપાલસિંહ રહેવર , મૌનીષસિંહ ચૌહાણ , કુલદિપસિંહ જોધ્ધા સેવા માં જોડાયા હતા.. આવો કોઈને મદદ કરીએ ધ્વારા ૫૦૦૦ ઊપર ગરીબ, વિધવા, દિવ્યાંગ પરીવારો ને કરીયાણા-કીટ અને અન્ય મદદ કરવામાં આવી,,

## નડવું નથી

કોઈને સીડી બનાવીને ઉપર ચડવું નથી
ને હટાવીને ફરી એને ય બસ પડવું નથી
હા તમે સાચા જ છો માની લઉં છું વાત એ
વાત વાતે રોજ કોઈ સંગ ના લડવું નથી
લો બનાવી સ્મિત રાખો આપના મુખચંદ્ર પર
કે તમારી આંખનું આંસું થઈ દડવું નથી
રેશમી પાપણમાં છૂપાવી દો એ રીતે મને
છો જગત આખું મને શોધ્યાં કરે, જડવું નથી
જૂઠ મીઠું હોય છે કાનો ને ગમતું હોય છે
પણ ગળે જો ઉતરે આ સત્ય પણ કડવું નથી
હાથ જોડી ને હું માફી આજ માંગું આપની
નર્કમા તો જિંદગીભર મારે પણ સડવું નથી
માર્ગથી એનાં હટી જા બસ હવે "સપના"તું તો
કોઈને પણ આપણે પથ્થર થઈ નડવું નથી

### લોકડાઉનનું ચીરહરણ

# મોડાસામાં નાયબ મામલતદાર શર્મા "તારા પીએસઆઈ મારા અંડરમાં આવે છે કહી ટીઆરબી જવાન સાથે અભદ્ર વર્તન

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સરકારે કોરોના વાઈરસનું સંક્રમણ દેશમાં વધુ ન થાય તે માટે લોકડાઉન સમગ્ર દેશમાં જાહેર કરી દીધું છે. આગામી ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરવા પાછળનું તાત્પર્ય માત્રને માત્ર લોકોને રોગની ચુંગાલમાંથી છોડાવવાનો છે ત્યારે લોકો પણ પોતાની વિવેક બુધ્ધિ મુકીને બહાર નિકળવાનું ચુકતા નથી.અરવલ્લી જીલ્લા સહીત મુખ્યમથક મોડાસા શહેરમાં લોકડાઉનની અમલવારી માટે પોલીસતંત્ર બેરિકેડ ગોઠવી રાઉન્ડ ધી ક્લોક ખડેપગે તૈનાત છે મોડાસા શહેરના ચાર રસ્તા પર બેરિકેડ ગોઠવી દઈ રખડપટ્ટી કરતા વાહનચાલકોને ડિટેનની કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે



મોડાસામાં ચાર રસ્તા પર નાયબ મામલતદાર શર્માનો ટીઆરબી જવાનને બિભસ્ત ગાળો બોલી દાદાગીરી કરતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે

મોડાસા જીલ્લા સેવાસદન પરિસરમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા મહાશય શર્મા બાઈક લઈ ચાર રસ્તા પહોંચ્યા હતા ચાર રસ્તા પર બેરિકેડ લગાવી વાહનચાલકો નું ચેકીંગ ચાલતું હોવાથી નાયબ મામલતદારે ઉભા રહેવું પડતા મગજ પરનો કાબુ ગુમાવી સત્તાનો રોફ જમાવતા ટીઆરબી જવાન સાથે અભદ્ર વર્તન કરી સત્તાના નશામાં ભાન ભૂલેલા નાયબ મામલતદારે ટીઆરબી જવાનને ગાળો બોલી "તારો પીએસઆઈ મારા અંડર માં આવે છે" કહી લે કલેક્ટર સાહેબ જોડે વાત કર કહી ખબર નથી પડતી હું કોણ છું કહેતો અને સતત ગાળો બોલતો અને દાદાગીરી કરતો વિડીયો વાઈરલ થતા પોલીસતંત્રમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

મોડાસા ચાર રસ્તા પર પહોંચેલા નાયબ મામલતદારે કોરોના વાઈરસના સંક્રમિત થવાનો ભય સતાવી રહ્યો છે મેગાસિટીમાં માસ્ક પહેર્યા વગર ફરતા લોકો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે ત્યારે સરકારના જવાબદાર અધિકારી હોવા છતાં મોઢા પર માસ્ક પણ પહેર્યા વગર જીલ્લા કલેક્ટરના જાહેરનામાના ભંગનો ઉલ્લઘન કરી બાઈક પર પસાર થઈ ટીઆરબી જવાન સાથે કરેલા બિભસ્ત વર્તનનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા લોકોમાં નાયબ મામલતદાર શર્માની કરતૂત સામે ભારે થું...થું થઈ રહી છે જવાબદાર અધિકારી નું બેજવાબદારી ભર્યા વર્તન થી લોકોમાં પણ અચરજ ફેલાયું છે

# કોરોના હવે ગામડાં ભણી, શહેરો ખાલી, ગામડાં હિજરતીઓથી ઉભરાયાં

*અમદાવાદ,તા.૩૧*

કોરોનાનો કહેર આગળ વધે તે પહેલા જ રાજયભરમાં લોકડાઉનના પગલે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોની સરહદો સીલ કરી દેવામાં આવી હતી પરંતુ દેશભરમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત સાથે જ મહાનગરો અને નગરોમાં રહેતા લાખો શ્રમજીવીઓ અને મધ્યમ વર્ગના પરિવારોએ રાતોરાત હિજરત કરીને વતન તરફ દોટ મૂકતા મહાનગરો ખાલી ખમ થઈ ગયાં છે પરંતુ ગામડાઓ હવે શહેરમાંથી આવેલા લોકોથી ઉભરાઇ રહ્યાં છે. મહાનગરોનો વાયરસ ગામડાઓમાં પણ ન પ્રસરે તે માટે છેલ્લા ચાર પાંચ દિવસથી પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આવાં હિજરતી પરિવારોની યાદી બનાવવામાં આવી છે. તેમજ ગામડાઓમાં પણ લોકડાઉનનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે. લોકડાઉન કરાતાં રિવર્સ માઈગ્રેશન એટલે કે શહેરોથી ગામડાઓ તરફ લોકોનું પ્રયાણ વધ્યું છે. હાલ મુંબઈ, સુરત, અમદાવાદ, દિલ્હી, વડોદરા સહિતના શહેરોમાંથી અનેક પરિવારો ઉત્તર ગુજરાતનાં ગામડાંઓમાં વતન પરત આવી રહ્યા છે. જેને લઈ ગામડાઓમાં પણ ઉચાટ વધ્યો છે. જોકે, કોરોના સંક્રમણનું જોખમ હોઈ ગામડાં પણ પોતપોતાની રીતે સજાગ બન્યાં છે.

સુરતમાંથી સૌથી વધુ લોકો હિજરત કરીને આદિવાસી પટ્ટીના જિલ્લાઓ તેમજ મધ્યમ વર્ગના લોકો ભાવનગર, અમરેલી અને કચ્છ સહિતના સૌરાષ્ટ્ર માં આવેલા પોતાના વતનમાં પહોંચી ગયાં છે. એક અંદાજ મુજબ સુરતમાંથી દોઢ લાખથી વધુ લોકો સૌરાષ્ટ્રના પોતાના વતન પહોંચી ઑગયાં છે.

### બહુ ચર્ચિત મુનિ ઈન્ટરનેશનલ સ્કૂલ ના સંચાલક દ્વારા

# ગેંગ રેપ કેશ ના આરોપી ના જામીન રિજેક્ટ કરતી સેશન કોર્ટ

સુરત મુનિ ઈન્ટરનેશનલ સ્કૂલ સંચાલક પરેશ તલાવીયા ત્થા તેમના ભાગીદાર એવા રાકેશ ધાનાણી દ્વારા મદદરૂપ થવાની લાલચ અને લગ્ન કરવા ની લાલચ આપી આરોપી પરેશ તલાવીયા દ્વારા ભોગ બનનાર મહિલા ના ૧૬ વર્ષીય પુત્ર અને પુત્રી ની હાજરી માં બલ જબરી કરી રેપ કરેલ ને નગ્ન ફોટા પાડી લીધેલ ને પુત્ર ને માર મારેલ આરોપી એટલે થી અટકેલ નહિ ને ફોટા પરત આપવા ને સમાધાન કરવા ને બહાને ફાર્મ હાઉસ પર બોલાવી આરોપી પરેશ તલાવીયા અને તેમના ભાગીદાર રાકેશ ધાનાણી બન્ને મળી મહિલા ના હાથ પગ બાંધી ચિક્કાર દારૂ પીવડાવી બન્ને એ વાર ફરતી રેપ કરેલ ને ફાર્મ હાઉસ પર મહિલા ને બે શુદ્ધ હાલત માં એમ ને એમ છોડી ભાગી ગયેલ જે મતલબ ની ફરિયાદ અમરોલી પોલીસ સ્ટેશન માં મહિલા એ ફરિયાદ દાખલ કરાવેલ ગત ૫ માર્ચ ના રોજ ગુન્હો દાખલ થયેલ જે તે વખતેજ મુખ્ય આરોપી મુનિ સ્કૂલ સંચાલક પરેશ તલાવીયા ની ધરપકડ કરવા માં આવેલ ને અન્ય આરોપી હજુ ફરાર છે પરેશ તલાવીયા દ્વાએ અત્રે ની સેશન કોર્ટ માં રેગ્યુલર જામીન મેળવવા કોર્ટ માં આરોપી ના વકીલ દ્વારા અરજી કરવા માં આવેલ બન્ને પક્ષ ના વકીલ તથા સરકારી વકીલ દ્વારા જામીન અરજી નો શખ્સ વિરોધ કરેલ જે ગ્રાહ્ય રાખી આજે આરોપી પરેશ તલાવીયા ના જામીન રિજેક્ટ કરેલ છે


અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી પરેશ તલાવીયા લેઉવા પટેલ સમાજ ના આગેવાન છે તેમના ભાઈ અમરેલી જિલ્લા લાઠી તાલુકા ના કોંગ્રેસ ના પ્રમુખ છે ને અગાવ એ કોંગ્રેસ પ્રમુખ પર પણ મહિલા સાથે જબરદસ્તિ નું ગુન્હો દાખલ થયેલ છે આમ બન્ને ભાઈ ઓ નો આરીત નો ઈત્યાસ ખરડાયેલ છે આ તલાવીયા પરિવાર ગુજરાત રાજ્ય ના વિરોધ પક્ષ ના નેતા પરેશ ધાનાણી ના ખુબજ નિકટ છે અમરોલી પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થતાં વિરોધ પક્ષ ના નેતા ચાલુ વિધાન સભા છોડી સુરત દોડી આવેલ જે તે વખતે વિરોધ પક્ષ ના નેતા પણ આ કેશ માં ટીકા પાત્ર બન્યા હતા

# કોરોનાઃ સુરતના રાંદેરમાં ૨ પોઝિટિવ કેસ મળતા આખો વિસ્તાર સેનેટાઈઝ કર્યો

*સુરત,તા.૩૧*

સોમવારે કોરોનાનો વધુ એક પોઝિટિવ દર્દી સામે આવ્યો છે. રાંદેર વિસ્તારમાં લોન્ડ્રી ચલાવતા વૃદ્ધને શંકાસ્પદ લક્ષણો જણાતા રિપોર્ટ કરાવ્યો હતો, જે પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. રાંદેર વિસ્તારમાંથી આ બીજો પોઝિટિવ કેસ છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ કરવાનું શરૂ કર્યું છે. આ કેસમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે, આ વૃદ્ધની કોઈ જ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. જીસ્ઝને શંકા છે કે આ વ્યક્તિ આસપાસના ઘણા બધા લોકોના સંપર્કમાં આવ્યો હશે. જેથી નાગરિક સંસ્થાએ તેમના સંપર્કમાં રહેલા ૩૦ લોકોને સરકારી ક્વોરેન્ટાઈન સુવિધામાં ખસેડ્યા છે.

મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, લોકલ ટ્રાન્સમિશન છે કે નહીં તે આ અત્યાર સુધીની સૌથી મોટી ક્વોરેન્ટાઈન એક્ટિવિટી હશે. રાંદેરની વસ્તી લગભગ બે લાખ છે. 'અમને ખબર નથી કે આ વ્યક્તિને કેવી રીતે ચેપ લાગ્યો, તેથી આપણે વધુમાં વધુ સંખ્યામાં લોકોને અલગ રાખવાની જરૂર છે. અમે સમગ્ર રાંદેર વિસ્તારમાં જંતુનાશક પ્રવૃત્તિઓ કરવાનું નક્કી કર્યું છે. એસએમસી અધિકારીઓને શંકા છે કે પોઝિટિવ રિપોર્ટ પહેલાં આ વ્યક્તિએ ધાર્મિક અથવા સામાજિક મેળાવડામાં ભાગ લીધો હશે અને આ જીવલેણ વાયરસની ત્યાં અન્ય ઘણા લોકોમાં ફેલાયો હશે. જીસ્ઝના અધિકારીએ જણાવ્યું કે, '૬૭ પુરૂષ વૃદ્ધ રાંદેરમાં લોન્ડ્રીની દુકાન ધરાવે છે. તે વિસ્તારના ૫૦૦ મીટરની ત્રિજ્યામાં રહેતો હતો જ્યાંથી ૨૧ માર્ચના રોજ ૩૨ વર્ષના વ્યક્તિનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. વધુ ચિંતાની વાત તો એ છે કે આ લોન્ડ્રીનું કામ કરતો વૃદ્ધ બધાને કપડા પહોંચાડવા માટે અન્ય લોકોના સીધા સંપર્કમાં આવતો હતો.





**માર્ચ ૨૧- ૨૮૩ કેસ માર્ચ ૨૨- ૩૯૬ ×. (૩૯.૯૨ %વધારો) માર્ચ ૨૩- ૪૬૮ કેસ. (૧૮.૧૮%વધારો) માર્ચ ૨૪- ૫૬૬ કેસ. (૨૩.૪૩ % વધારો) માર્ચ ૨૫ - ૬૪૫ કેસ (૧૩.૯૫ %વધારો) માર્ચ ૨૬- ૭૨૦ કેસ. (ફક્ત ૧૧.૬૨ %વધારો) માર્ચ ૨૭ - ૮૮૬ કેસ (૧૨.૩૦% વધારો) માર્ચ ૨૮ - ૯૩૩ કેસ. (ફક્ત ૫.૩૧% વધારો). માર્ચ ૨૯ -૯૭૯ કેસ. સાંજે ૫ વાગ્યા સુધીમાં... શું લોક ડાઉને સફળતા પૂર્વક કામ કર્યુ છે જવાબ છે..... ચોક્કસપણે હા ટકાવારી સ્યોર નીચે આવી છે અને પરિસ્થિતિ સ્ટેબલ છે આથી જ...... ઘરમાં રહો, સુરક્ષિત રહો અને બીજાને પણ સુરક્ષિત રહેવા દો.... કંઈક આશા જાગી છે તો ઘરમાં રહી ને સફળ બનાવવા ચોક્કસ સહભાગી બનીએ.**

# ગુજરાત કોલેજ પાસે રાત્રે ક્રિકેટ રમતા પોલીસ કર્મીઓનો વીડિયો વાઈરલ થયો

*અમદાવાદ,તા.૩૧*

ગુજરાતમાં લોકડાઉનનો કડક અમલ થઈ રહ્યો છે. આવામાં પોલીસની જવાબદારી વધી ગઈ છે અને હવે તો કર્ફ્યુ દરમિયાન સોસાયટીની અંદર ક્રિકેટ રમતા રહીશોને પણ પોલીસ ઉઠાવી લઈ જઈ રહી છે. આવામાં અમદાવાદ શહેરના ગુજરાત કોલેજ પાસેના રોડ પર પોલીસ કર્મચારીઓએ ભેગા થઈને રાત્રિ ક્રિકેટ રમતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયો ઉતારનારે સવાલ કર્યો છે કે શું પોલીસે એકબીજાથી એક નિશ્ચિત અંતર રાખું જરૂરી નથી?લોકડાઉન દરમિયાન કોઈ સામાન્ય વ્યક્તિ નિયમનો ઉલ્લંઘન કરે ત્યારે તેને પોલીસ પોતાની સ્ટાઈલમાં જવાબ આપે છે, ત્યારે અમદાવાદના ગુજરાત કોલેજ પાસે ખુદ પોલીસ જ ભેગા થઈને ક્રિકેટ રમતા હોય તેવા દ્રશ્યો વાયરલ થયા છે. આ સંદર્ભે સોશિયલ મીડિયામાં તેનો સખત વિરોધ થઈ રહ્યો છે.

# રતનપુર બોર્ડર પર શ્રમિકો ફસાયા, રાજસ્થાન પોલીસે જવા ન દેતા હાલત દયનીય

*રતનપુર,તા.૩૧*

ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં રહેલા બીજા રાજયોના શ્રમજીવીઓએ પોતાના વતનની વાટ પકડી છે. ત્યારે આજે એક ગુજરાતી તરીકે તમામ લોકોને ગર્વ થાય તેવા એક સમાચાર મળી રહ્યા છે. આખા દેશમાં પીએમ મોદીએ કોરોના વાયરસના કારણે લોકડાઉન કર્યું છે. ત્યારે તમામ રાજયોની સરકારે પોતપોતાની બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. ત્યારે આવી હાલતમાં બીજા રાજયોના શ્રમિકોની હાલત કફોડી બની છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચાલી રહેલી વૈશ્વિક મહામારીની કંફોડી હાલતમાં મજબૂરીમાં પગપાળા વતન જનાર શ્રમિકોની હાલત પણ ખરાબ થઈ ગઈ છે. મજબૂરીમાં પગપાળા વતન જનારો શ્રમિકોની હાલત કફોડી બની ગઈ છે. રાજસ્થાન-ગુજરાત બંનેએ આશરો ન આપતા હાલ શ્રમિકોની હાલત રામભરોસે છે. આજે ૧૫૦૦ શ્રમિકોએ શામળાજી ચેકપોસ્ટ પર હલ્લાબોલ કર્યો હતો. વતન ગયેલા શ્રમિકોને રાજસ્થાન સરકાર શામળાજી મુકી ગઈ હતી. ત્યારે હવે અરવલ્લી કલેક્ટર, જીં,રેન્જ આઈજી સહિતે કાર્યવાહી હાથ ધરી છે.ગુજરાતમાંથી રાજસ્થાનનાં ઉદેપુર સુધી પગપાળા જતા લોકોને રાજસ્થાન પોલીસ બોર્ડર પર પરત મુકી ગઈ છે. બન્ને રાજયો અને રાજ્ય સરકારની રણનીતિના કારણે હજારો લોકો અટવાયા છે. આ અંગે ગાંધીનગર આઈજી અને રાજસ્થાનના અધિકારીઓ વચ્ચે મંત્રણા પણ થઈ હતી તેમ છતાં કોઈ સમાધાન આવ્યું ન હતું. કેન્દ્ર સરકારની ગાઈડલાઈનનું કડકાઈપૂર્વક પાલન કરવા માટેનાં આદેશ છે. જેના કારણે રાજ્યોની બોર્ડર પર હાલ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો અટવાયા છે. જોકે, આ સંવેદનશીલ મામલામાં આખરે ગુજરાત સરકારે આ લોકોને અરવલ્લીમાં રાખવાનો નિર્ણય લીધો છે. મળતી માહિતી પ્રમાણે આ લોકોને અરવલ્લીનાં જ શેલ્ટર હાઉસમાં જ રાખવામાં આવશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, શામળાજી રતનપુર બોર્ડર પર મુસાફરોના જમાવડો આજે સવારે જોવા મળ્યો હતો. રાજસ્થાનથી ગુજરાત તરફ લગભગ ૧૫૦૦ પ્રવાસીઓને રાજસ્થાન વહીવટી તંત્ર દ્વારા લાવવાનો પ્રયાસ કરાયો હતો. લોકડાઉન અને બોર્ડર સિલના આદેશના કારણે ગુજરાત પોલીસે એક પણ પ્રવાસીને પ્રવેશવા પર ઈનકાર કર્યો હતો. એકાએક આટલા માણસો પરત કરી દેવાતા લોકો સાથે પોલીસ પણ અસમંજસમાં મુકાઈ છે. આ લોકોમાં મોટેભાગે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો અટવાયા છે. જેથી તેમને પણ ખબર નથી પડતી કે તેઓ હવે ક્યાં જશે અને શું ખાશે.

થોડા દિવસથી સમાચાર મળી રહ્યાં હતા કે, શ્રમિક વર્ગ પોત પોતાના વતન જવા માટે ચાલતા નીકળી પડ્યા હતા. આમાંથી ઘણાં લોકો રાજસ્થાનમાંથી આવ્યાં હતાં જેથી તેઓએ પોતાના વતનની વાટ પકડી હતી. પરંતુ આ લોકોને રાજસ્થાન પોલીસ પરત ગુજરાત બોર્ડર પર મુકી જતા ભારે વિવાદ સર્જાયો છે.

# ચાણસ્મા પોલીસની કડક કાર્યવાહી

આજરોજ તારીખ ૩૦ ૩ ૨૦૨૦ ના દિવસે ચાણસ્મા પોલીસ દ્વારા ચાણસ્મા શહેર અને ચાણસ્મા તાલુકા વિસ્તારમાં હાલમાં ચાલતા lockdown ના હિસાબે કડક કાર્યવાહી કરવામાં આવી

જેમાં વારંવાર લોકોને સમજાવતા એ ઘરની બહાર ના નીકળો ઘરમાં રહો એમાં તમારી સુરક્ષા છે પરંતુ લોકો અમુક જગ્યાએ ટોળે વળીને બેસે છે અનેને નથી માનતા તે હિસાબે આજે કડક કાર્યવાહી કરવાના આદેશ અનુસાર કલમ ૧૮૮ ના નીચે ચાર ગુના દાખલ કરવામાં આવ્યા હતા જેમાં ૧૩ વ્યક્તિઓને પકડવામાં આવ્યા





છે અને ત્રણ બાઈક ડીટેન કરવામાં આવ્યા છેવધુમાં જણાવતા ઉપરના જે ગુના દાખલ થયા એમાં વસઈ ગામના ૪ ઈસમોએ છે અને રૂપપુર ગામ ના ૬ ઈસમોની તથા બાઈક ઉપર ના ૩ ઈસમો એમ મળી કુલ ૧૩ ઈસમો ની સામે કલમ ૧૮૮નો ગુનો દાખલ કરવામાં આવ્યો છેહાલમાં કોરોનાવાયરસ ચાલતો હોવાના કારણે સરકારશ્રીના આદેશ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી રહી છે પ્રજાએ પોતે સમજી ને ઘરમાં રહેવું જરૂરી છે ઘરમાં રહીશું તો સુરક્ષિત રહીશું માટે જયાં સુધી lockdown ચાલે ત્યાં સુધી સરકાર શ્રી ના આદેશ પ્રમાણે આપણે ઘરમાં રહીએ કાયદાનો ભંગ ના કરીએ આપણી સલામતી આપણે જાતે રાખી એજ આજના સમયની માંગ છે પોલીસ પોતાની કાર્યવાહી સરકારશ્રીના આદેશ પ્રમાણે કરી રહી છે.ચેતન શાહ ચાણસ્મા બીજીન્યુઝ

# કોરોના કરતા ભૂખમરાથી લોકો ન મરે એ સરકારની જવાબદારી : ઈન્દ્રનીલ રાજગુરુ

રાજકોટના પૂર્વ ધારાસભ્ય શ્રી ઈન્દ્રનીલ રાજયગુરુ ની અખબારી યાદી જણાવે છે કે કોરોના વાઈરસના લેવા જોઈતા પગલા સરકારે લીધા છે ? થોડા વિકાસ અને જાજા ભ્રષ્ટાચાર માટે વપરાતા પૈસા જો ગરીબ લોકોને સાચવવા માટે વાપરવામાં આવે એ સરકારની ફરજ છે, રોજનું લઈને રોજનું ખાતા લોકો માટે દસ દિવસ વિત્યા છતાં લોકોની ખાવા-પીવાની કે કિટની વ્યવસ્થા પણ આ સરકાર કરી શકી નથી.



પોતાના વતન જવા ઈચ્છતા લોકોને ડંડા મારીના રોકવાના બદલે એવા લોકોની મુશ્કેલી સમજી અને સરકાર એના ખાવાપીવાની વ્યવસ્થા કરે એ યોગ્ય છે અને સરકારની જવાબદારી પણ છે, ટી.બી. જેવી ચેપી મહામારીમાં પણ લોક પ્રતિનિધિઓ હંમેશા દુઃખી લોકોની સેવામાં જતા હતા ત્યારે આજના પ્રતિનિધિઓ ઘરમાં બેસી ઘરમાં રહેવાની સલાહ સુચના આપે છે એ ભૂખ્યા માણસના જઠર સામે કેટલી વ્યાજબી છે , લોક પ્રતિનિધિઓએ વિસ્તારોમાં જઈ મુશ્કેલી વેઠતા લોકો ને તંત્ર સહાય રૂપ કેમ બને તે જોવાનું ચૂકી રહ્યા છે ઘરમાં બેસીને કોઈ રસોઈ બનાવે તો કોઈ જુના ફોટા બતાવે છે તો કોઈ ઈમેલ અને પત્રવ્યવહાર કરી રહ્યા છે અને આવા ઢોંગ કરતા ફોટાઓ જોઈને આપડી રાજકીય વ્યવસ્થા માટે મને ખૂબ દુઃખ થાય છે તેવું રાજગુરુએ જણાવ્યું છે.વધુમાં, લોકોએ એ પણ વિચારવાનું કે પ્રતિનિધિઓ લોકસેવામાં જોડાતા નથી કારણકે તમે એણે નહી પરંતુ એના પક્ષને જોઈને મત આપ્યો છે એ પક્ષથી તેનું અસ્તિત્વ છે તે ખરેખર તમારા મતથી હોવું જોઈએ ત્યારે તેની પહેલી વફાદારી તમારા મત થી ચૂંટાયા હોવા છતાં પરિણત પક્ષને રહે છે તે સ્વાભાવિક છે, અને ખાસ કરીને ભાજપ સરકારની સૂચના અનુસાર તેના બધા જ પ્રતિનિધિઓને ઘર માં બેસાડી દેવામાં આવ્યા છે અને સરકારી તંત્ર બે જવાબદારીપૂર્વક વધી રહ્યું છે ઘણા દિવસો પહેલા જાહેરાત છતાં પણ આજે કીટ તૈયાર થઈ હોય તેવું તંત્ર પાસેથી જાણવા મળી રહ્યું નથી, એક પૂર્વ પ્રતિનિધિ તરીકે સરકારના સૂચનનો અને નિયમનો પાલન કરવું એ મારી ફરજ જાણી ઘરમાં રહ્યો છું અને સરકાર નાનામાં નાના માણસની દરકાર લેશે તેવી આશા સાથે રહ્યો છું પરંતુ મુખ્યમંત્રી નું ગામ અને વડાપ્રધાન ગુજરાતી પહેલી ચૂંટણી જીત્યા હતા એવા રાજકોટ શહેરમાં સરકારના વચન બાદ પણ જો ગરીબોને કીટ ન મળતી હોય તો ગુજરાત રાજ્યના અન્ય શહેરો અને ગ્રામ્ય માં શું હાલત હશે? જો સરકાર એના કહ્યા મુજબ આવતીકાલથી જો કીટ વિતરણ ચાલુ નહી કરે તો કમ નસીબે તેને ફરજ પાડવાના પગલાઓ અમારે લેવા પડશે તેવી ચીમકી પણ આપેલ છે,

અમારે સૌને સરકારના ઘરમાં રહેવાના આદેશ નું પાલન કરવું છે પરંતુ જો સરકાર ગરીબ માણસોનું ધ્યાન રાખે તો બાકી ગરીબ માણસો માટે કોરોના પણ અમને ન ડરાવી શકે કારણકે રોગ કરતા ભૂખમરો વધારે જોખમી હોય છે તેઓ યાદી ના અંતમાં રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ એ જણાવ્યું છે.

# કોરોના વાયરસના સંક્રમણની રોક માટે સૈનિક બન્યા ઈડર તાલુકાના સખીમંડળો તેમજ દરજીઓ



કોરોના વાયરસની મહામારી વૈશ્વિક સ્તરે ગંભીરરૂપ ધારણ કરી ચૂકી છે. ગુજરાત પણ હાલમાં કોરોનાનો સામનો કરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ સંક્રમણને અટકાવવા માટે ૨૧ દિવસનુ લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું છે.આ મહામારીના સંક્રમણને રોક માટે માસ્ક એક જરૂરી વસ્તુ બની રહી છે. તેવા સમયમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં એક ઉમદા પગલુ લેવાયુ છે.ઈડર તાલુકાના ગામોમાં માસ્કનુ નિર્માણ કરી સમગ્ર તાલુકામાં વિના મૂલ્ય માસ્કનુ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ઈડર તાલુકાના સેવાભાવી કિર્તીભાઈ પટેલે ઈડર તાલુકાના ગામડાના લોકોને માસ્ક મળી રહે તે માટે ઈડર તાલુકા વિકાસ અધિકારીશ્રી ચૌધરીને કાપડ માટે એક લાખ રૂપિયાનુ દાન આપવાની ઈચ્છા દર્શાવી હતી. શ્રી ચૌધરીએ માસ્કની જરૂરીયાત અને હાલની પરીસ્થિતિમાં માસ્કની ઘટને ધ્યાને લેતા તુરંત ઈડર તાલુકામાં આવેલ સખી મંડળો સાથે વાત કરી સાથે ગામના સરપંચોને વાત કરતા દાનની સરવાણી વહી. અનેક લોકોને પોત-પોતાની યથાશક્તિ મદદ કરી તો સખી મંડળ પણ તમામ માસ્ક મફતમાં બનાવી આપવા તૈયારી બતાવી હતી. જયારે તાલુકાના લોકોને વાતની જાણ થતા ગામના દરજીઓ અને ઘર કામ પુરતા સંચા રાખનારી બહેનો બધા જ આ સેવાના કામમાં જોતરાયા હતા.

ઈડર તાલુકામાં ચાર લાખ ઉપરાંત માસ્કનુ નિર્માણ કરવામાં આવ્યું છે અને તેનુ મફતમાં દરેક ઘેર-ઘેર જઈને વિતરણ કરવામાં આવી રહ્યું છે.

કોરોનાની મહામારીના સમયમાં મોં દ્વારા તેના વાઈરસનો ચેપ ન લાગે તેમજ શ્વાસોચ્છવાસ દ્વારા વાયરસ ફેલાય નહીં તેની તકેદારી રાખવા માસ્કનો ઉપયોગ વધ્યો છે. જો કે સ્વસ્થ વ્યક્તિને માસ્કની આવશ્યકતા નથી પણ જેમને શરદી-ખાંસી કે તાવ જેવી બીમારી છે તેમણે માસ્ક પહેરવું હિતાવહ છે.

અહેવાલ- ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા

# પોલીસકર્મીઓ સંવેદનશીલ રહી ફરજ બજાવે, નાગરિકો પાસેથી પણ એટલી જ સંવેદના આવશ્યક: રાજ્ય પોલીસવડાશ્રી શિવાનંદ ઝા

રાજયના પોલીસવડાશ્રી શિવાનંદ ઝાએ જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીના આ કપરા કાળમાં પ્રધાનમંત્રીશ્રીના 'ઘરે રહો, સલામત રહો, સુરક્ષિત રહો'ના મંત્રને ચરિતાર્થ કરવા માટે પોલીસતંત્ર દ્વારા અસરકારક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શ્રી ઝાએ પોલીસકર્મીઓને સંવેદનશીલ રહીને ફરજ બજાવવા સૂચના આપી હતી સાથોસાથ નાગરિકોએ પણ એટલા જ સંવેદનશીલ બનવું જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, વરદીની આડમાં કોઈ પ્રકારની ગેરવર્તણૂક રાજ્ય સરકાર ચલાવી લેશે નહીં.

શ્રી ઝાએ કહ્યું કે, હોસ્પિટલોમાં ફરજ બજાવતા આરોગ્ય કર્મચારીઓ અને તાજેતરમાં જ કોરોનામાંથી સ્વસ્થ થયેલા કે આરોગ્ય પરીક્ષણ બાદ ક્વૉરન્ટાઈનમાંથી મુક્તિ મેળવનારા નાગરિકોને તેમના રહેણાક વિસ્તારના અન્ય રહેવાસીઓ દ્વારા ભેદભાવપૂર્ણ વર્તન કરાતું હોવાની અને મકાન ખાલી કરવા માટે ફરજ પાડવામાં આવતી હોવાની ઘટનાઓ ધ્યાને આવ્યાનું જણાવી ઉમેર્યું કે આવી ફરિયાદો બિલકુલ ચલાવી લેવાશે નહીં. આ માટે જેમની સાથે આવું વર્તન થઈ રહ્યું છે, તેવા નાગરિકો પોલીસને જાણ કરી, મદદ મેળવી શકે છે. જરૂર પડ્યે તેમને પોલીસ બંદોબસ્ત આપવાની ખાતરી પણ તેમણે આપી હતી.

આ ઉપરાંત, શ્રી ઝાએ ઉમેર્યું કે, નિયત ભાવ કરતાં વધારે ભાવ લેનારા વેપારીઓ સામે તેમજ મજૂરો અને કામદારોને નોકરી છોડી જવા માટે ફરજ પાડનારાં ઉદ્યોગગૃહો સામે પણ પોલીસતંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવશે.

રાજયભરમાં આવતીકાલ તા.૧લી એપ્રિલથી સસ્તા અનાજની દુકાનો પર શરૂ કરવામાં આવનાર અનાજ વિતરણની વ્યવસ્થા સુચારુરૂપે ચાલી શકે એ માટે આવી તમામ દુકાનો પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. તદુપરાંત, જરૂર જણાશે, તો મોબાઈલ વાન દ્વારા પેટ્રોલિંગ પણ કરવામાં આવશે.

રાજયના વિવિધ વિસ્તારોમાં ડ્રોન દ્વારા શરૂ કરવામાં આવેલા પેટ્રોલિંગની વિગતો આપતા પોલીસવડાશ્રી ઝાએ જણાવ્યું કે, લોકડાઉનનું પાલન નહી કરવાના ૧૧૦ જેટલા ગુના આ પ્રકારે ધ્યાને આવ્યા હતા, જેના આધારે ૩૦૭ લોકોની અટકાયત કરાઈ હતી. જયારે સીસીટીવી ફૂટેજના આધારે ૧૨ ગુના નોંધાયા હતા અને ૩૧ લોકોની અટકાયત કરાઈ હતી. બીજી તરફ, સોશિયલ મીડિયા પર કોરોનાની મહામારી અંગે અફવાઓ અને ખોટા મેસેજીસ ફેલાવવા અંગેના ૩ ગુના નોંધાયા છે. આ પ્રકારની પ્રવૃત્તિઓને અટકાવવા માટે પોલીસ મીડિયા મોનિટરિંગ સેલ દ્વારા સોશિયલ મીડિયા ટ્રાફિક પર સતત નજર રાખવામાં આવી રહી હોવાનું શ્રી ઝાએ ઉમેર્યું હતું.

પોલીસતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીની વિગતો આપતાં તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં જાહેરનામા ભંગના કુલ ૧૦૩૪ ગુના, ક્વૉરન્ટાઈન ભંગના ૩૫૭ ગુના અને અન્ય ૩૩ ગુના સહિત કુલ ૧૪૨૪ ગુના નોંધાયા હતા. જેના આધારે ૨૫૭૨ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે ૬૮૮૪ વાહનો જપ્ત કરવામાં આવ્યાં હતાં.

## નબી સાહેબના ખિદમતે ખલ્કના સંદેશા મુજબ

# વારાહીમાં જરૂરિયાત મંદોને રેશનિંગ કિટ વિતરણ કરાઈ




દેશ સહિત વિશેના અનેક દેશોમાં નાત જાત કે ધર્મના ભેદભાવ વગર ઈસ્લામ ધર્મના મહાન પૈગમ્બર હઝરત મુહમ્મદ સાહેબ ના ખીદમતે ખલ્ક માનવ સેવાના સંદેશાને અનુસરીને કુદરતી આપત્તિના સમયે સેવાકીય પ્રવૃતિ ઓમાં અગ્રેસર રહેતી મોહદિસે આઝમ મિશનની વિવિધ શાખાઓ દ્વારા હાલમાં રેશનિંગની કીટો વિતરણ કરવામાં આવી રહી છે

પાટણ જિલ્લાના વારાહી ખાતે પણ હજરત સૈયદ હસન અશ્કરી મિયા ફાઝિલે બગદાદની દેખરેખ હેઠળ મોહદીસે આઝમ મિશનની શાખા કાર્યરત છે આ સંસ્થા દ્વારા સમગ્ર વિશ્વમાં ફેલાયેલી કારોના વાયરસની મહા મારીને પગલે ગુજરાતમાં પણ કેસો બનતા અને લોકડાઉન જાહેર કરવામાં આવતા વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે તેવા સમયે મોહદીસે આઝમ મિશન વ?ારાહી શાખા દ્વારા રૂપિયા એક હજારની કિંમતની જરુરિયાત મંદોને રેશનની કીટ વિતરણ કરવામાં આવી હતી આ કીટ માં ૨૦ કિલો ઘઉં ત્રણ કિલો ચોખા ૧ કિલો મગદળ ૫૦૦ ગ્રામ લાલ મરચાં અને બે લીટર તેલ સહિતની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વારાહીના ના સીકંદરખાન મલેક હનીફ ભાઈ માસ્તર ..કમાજી મલેક.મુરેદખાન મલેક જહાંગીર ખાન મલેક ઈકબાલ ખાન મલેક અમીર ખાન મલેક બાબાખાન ફકીર વગેરેએ ફાળો આપ્યો હતો



ખેડબ્રહ્મા પોલીસ દ્વારા કોરોના વાયરસ ને લઈ આખા ભારત દેશમાં લોક ડાઉન હોવાથી લોકો બિનજરૂરી ઘરની બહાર ના નીકળે તે માટે ખેડબ્રહ્મા શહેરમાં તથા ગામડાઓમાં સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે અને બિનજરૂરી ફરતા લોકો સામે કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી રહી છે ખેડબ્રહ્મા શહેરમાં બિનજરૂરી ફરતા લોકોના અંદાજે ૩૫ જેટલા વાહન પીએસઆઈ શ્રી વી.બી.પટેલ દ્વારા ડિટેઈન કરવામાં આવ્યા હતા કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા



આજરોજ અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ અરવલ્લી જિલ્લા દ્વારા ફૂલ નહિ તો ફૂલ ની પાંખડી સ્વરૂપે ૧૧૦૦૦ રૂપિયાનું દાન મુખ્ય મંત્રી રાહત ફંડ covid,19 આપવામાં આવ્યું છે.નિવાસી કલેકટર વલવીને આ રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

# મકાન માલિકો ભાડૂઆતોને એક માસ સુધી ભાડુ ચૂકવવા દબાણ કરી શકશે નહીં

વલસાડ બ્યુરો : અજીત પટેલ

નોવેલ કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. આ વાયરસના સંક્રમણને અટકાવવા ભારત સરકાર દ્વારા તા.૨૫/૩/૨૦૨૦થી ૨૧ દિવસ સુધી લોકડાઉનનો હુકમ કરાયો છે. લોકડાઉનના અમલ દરમિયાન કેટલીક વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં મકાન માલિકોએ ભાડુઆત પાસેથી ભાડું વસુલ કરવાનુ નથી. ઔદ્યોગિક એકમોના ઠેકેદારોએ પણ તેમના કામદારોને પગાર-ભોજન વગેરે આવશ?યક સેવાઓ પૂરી પાડવાની છે. તેમ છતાં કેટલાક વ્યકતિઓ દ્વારા રાજ?યમાંથી અને બહારના જિલ્લાઓમાંથી આવેલા કામદારો, વિદ્યાર્થીઓ કે અન?ય લોકો જે ભાડેથી રહેતા હોય તેવા લોકોને સંબંધિત મકાનમાલિક દ્વારા ભાડું ભૂકવવા તથા મકાન ખાલી કરવા જેવા દબાણ કરવામાં આવતું હોવાનું જણાતાં વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો ફરમાવ?યા છે. આ જાહેરનામું તાત?કાલિક અસરથી તા.૨૭/૪/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

જે અનુસાર વલસાડ જિલ્લામાં બહારના રાજ?યમાંથી અને બહારના જિલ્લાઓમાંથી આવેલા કામદારો, વિદ્યાર્થીઓ કે જેઓ ભાડેથી મકાનમાં રહેતા હોય તેવા લોકોને સંબંધિત મકાન માલિક દ્વારા ભાડું ચૂકવવા કે પ્રિમાઈસીસ ખાલી કરવા માટે એક મહિના સુધી દબાણ કરી શકશે નહીં. હાલમાં લોકડાઉન ચાલુ હોવાથી વલસાડ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમોએ પોતાની કંપનીમાં કામ કરતા કામદારોને અહીં જવા માટે દબાણ ન કરવા તેમજ જે તે કંપનીએ તેઓના કામદારોની રહેવા, ભોજન તથા અન?ય આવશ?યક સેવાઓ પૂરી પાડી ૧૪ દિવસ માટે કોરોન?ટાઈલ હેઠળ રાખવાના રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ તેમજ નેશનલ ડિઝાસ?ટર મેનેજમેન?ટ એકટની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# શ્રમિકોણી મદદ આવી ગુજરાત સરકાર, અરવલ્લીમાં અપાશે આશરો

*મોડાસા,તા.૩૧*

હાલ કોરોનાના કેર વચ્ચે દેશનાં તમામ રાજ્યમાં લૉકડાઉન કરવામાં આવ્યું છે. બધા રાજ્યની બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. ત્યારે શ્રમિકોની હાલત કફોડી બની છે. રાજ્યમાંથી રાજસ્થાનનાં ઉદેપુર સુધી પગપાળા જતા લોકોને રાજસ્થાન પોલીસ બોર્ડર પર પરત મુકી ગઈ છે. બે સરકારો વચ્ચે હાલ તો હજારો લોકો અટવાયા છે.

આ અંગે ગાંધીનગર આઈજી અને રાજસ્થાનના અધિકારીઓ વચ્ચે મંત્રણા પણ થઈ હતી જે બાદ પણ કોઈ સમાધાન આવ્યું ન હતું. કેન્દ્ર સરકારની ગાઈડલાઈનનું કડકાઈપૂર્વક પાલન કરવા માટેનાં આદેશ છે. આ બોર્ડર પર હાલ ઉત્તર પ્રદેશ,મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો અટવાયા છે. જોકે, આ સંવેદનશીલ મામલામાં આખરે ગુજરાત સરકારે આ લોકોને અરવલ્લીમાં રાખવાનો નિર્ણય લીધો છે. મળતી માહિતી પ્રમાણે આ લોકોને અરવલ્લીનાં જ શેલ્ટર હાઉસમાં જ રાખવામાં આવશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**

# સત્તાધારી પક્ષ અને તેના રક્ષણ ની બધી સંસ્થાઓ ને આવી જાહેર વિતરણ ની છૂટ?

આજરોજ મુંદરા ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત સેવા સાધના અંતર્ગત મુંદરા વિસ્તારમાં ગરીબો પરિવારોને છેલ્લા ૪ દિવસ થી ભોજન આપવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત આજે ગરીબ પરિવારોને ૫૦૦૦ હજાર રાશન કીટ વિતરણ કરવાના કાર્યક્રમનું માંડવી-મુંદરા મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહજી જાડેજાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યું હતું ધારાસભ્યશ્રી દ્વારા સંસ્થા ના આગેવાનો તથા



કાર્યકર્તા મિત્રોને સારા કામ કરવા બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી

આ કાર્યક્રમમાં સાથે તાલુકા ભાજપના પ્રમુખશ્રી વિશ્રામભાઈ ગઢવી, કિશોરસિંહ પરમાર, વાલજીભાઈ ટાપરિયા,ધર્મેન્દ્ર જેસર,જીવનજી જાડેજા ,શક્તિસિંહ જાડેજા ,મહેન્દ્રસિંહ જાડેજા,લાલુભા પરમાર,પ્રણવ જોશી,પ્રકાશ પાટીદાર,પ્રકાશ ઠક્કર, હાર્દિક ગણાત્રા, સંજયભાઈ સોની,ધમભા ઝાલા, વાલજીભાઈ લાખાણી, કુલદીપસિંહ જાડેજા,સહિત સંઘ પરિવાર તથા ભારતીય જનતા પાર્ટી પરિવાર ના આગેવાનો હાજર રહ્યા હતા.



ગાંધીનગર કોંગ્રેસ નાવોર્ડ નં ૭ ના કોંગ્રેસના કોર્પોરેટરો હિરલ.ઉપૅલકુમાર. જોષી.. રાકેશ પટેલ.. જયરાજસિંહ.. ઉર્મીલા વર્મા દ્વારા સરાહનીય કામગીરી દિવસ રાત કે પોતાની ચિંતા કર્યા વગર વોર્ડ માં સેનેટાઈઝ કરવામાં આવ્યું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.